बालभारती हीरक महोत्सव

# કલાશિક્ષણ

## ધોરણ ત્રીજું



Tele MANAS
National Tele Mental Health Programme
14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

(૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિઃશુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિઃસંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

# મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિઃશુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી - ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની ૧૩-૦૪-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.



# કલાશિક્ષણ

## ધોરણ ત્રીજું





મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪.

બાજુના ચોરસમાં આપેલા Q.R. Codeને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન-અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમ આવૃત્તિ ૨૦૨૯

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧૦૦૪

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**'કલાશિક્ષણ' વિષય સમિતિ**

શ્રી. શશિકાંત દેશમુખ, (અધ્યક્ષ)
શ્રી. શિવાજી હાંડે (સદસ્ય)
શ્રી. ગોરક્ષનાથ આબુજ (સદસ્ય)
શ્રી. શ્રીકાંત ઢાલકર (સદસ્ય)
શ્રીમતી પૂનમ ભોપળે (સદસ્ય)
શ્રીમતી છાયા માળવાળ (સદસ્ય)
શ્રીમતી સ્નેહા ગાડે (સદસ્ય)
ડૉ. સુમેધા ઠાકુર (નિમંત્રિત)
શ્રી. નંદકિશોર નગરકર (નિમંત્રિત )
શ્રીમતી મૃગયા મોરે (નિમંત્રિત )
શ્રી. અમોલ જાધવ (નિમંત્રિત )
શ્રી. નિતિન મહામુની (નિમંત્રિત )
શ્રીમતી વૃશાલી લેલે (નિમંત્રિત )
શ્રીમતી નિતાલી હરગુડે (નિમંત્રિત )
શ્રી. ઓંકાર વૈરાગકર (નિમંત્રિત )
શ્રીમતી જુઈ દેશિંગકર (નિમંત્રિત )
શ્રીમતી રશ્મિ જોશી (નિમંત્રિત )
ડૉ. ગીતાંજલિ બોરૂડે (અભ્યાસક્રમ સમન્વયક)
ડૉ. અજયકુમાર લોળગે (સદસ્ય સચિવ)

**સમીક્ષક**

શ્રી. પ્રમોદ કાંબળે (ગુણવત્તા પરીક્ષક)
એડવોકેટ સંદેશ સાખરે (કાયદા નિષ્ણાત)
પ્રા. વિલાસ પંડીત (CWSN નિષ્ણાત)

**સંયોજન**

**ડૉ. અજયકુમાર લોળગે**
વિશેષાધિકારી કાર્યાનુભવ (વિ. કા.)
કાર્યકારી વિશેષાધિકારી કલા (વિ. કા.)
પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

**ભાષાંતર**

શ્રીમતી તરૂબેન પોપટ

**ભાષાંતર સંયોજન**

**શ્રીમતી કેતકી જાની**
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ
કાર્યકારી વિદ્યાસચિવ ભાષા, પાઠ્યપુસ્તક મંડળ, પુણે

**નિર્મિતિ**

**શ્રીમતી મિતાલી શિતપ**
કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી

**શ્રી. સંદીપ અજગાવકર**
નિર્મિતિ અધિકારી

**મુખપૃષ્ઠ વ અંતર્ગત ચિત્રાકૃતિ**

શ્રી. લક્ષ્મીકાંત કાળે, શ્રીમતી પ્રાજક્તા કેરકર,
શ્રી. મનોહર બાવીસ્કર, શ્રીમતી પ્રાચી પોતદાર,
શ્રી. સોહમ ઓતારી, શ્રી. અજય પરાડકર

**અક્ષરાંકન** : મુદ્રણ વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે

**પ્રકાશક**

**હેમંત બાબર**
કાર્યકારી નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ-૨૫

## ભારતનું સંવિધાન

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાન સભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## ભારતનું સંવિધાન

### ભાગ ૪ ક

# નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

અનુચ્છેદ ૫૧ ક

મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી..

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

બાલમિત્રો,

રાષ્ટ્રીય શિક્ષણ ધોરણ ૨૦૨૦ અનુસાર 'કલાશિક્ષણ' વિષયનું ધોરણ ત્રીજાનું આ પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તમારી વય અને અનુભવને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા આ પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરતા તમને ખૂબ આનંદ થશે.

તમને રમવું, ગીતો ગાવાં, ચિત્રો દોરવાં, રંગ પૂરવા, અભિનય કરવો, નૃત્ય કરવું અને માટીમાંથી સરસ સરસ વસ્તુઓ બનાવવી ગમે છે ને? આ બધી જ પ્રવૃત્તિઓ તમને આ પાઠ્યપુસ્તકમાં કરવા મળશે. દૃશ્યકલા, રંગમંચ, સંગીત અને નૃત્ય જેવા કલાપ્રકારોના દરેક ઉપક્રમ દ્વારા તમે ખૂબ મજા કરવાના છો. સાથે જ, તમે આ કલા પ્રકારોનું પ્રસ્તુતિકરણ પણ કરી શકશો. તમારા હાથે બનાવેલી વસ્તુઓ તમે બીજાને ભેટમાં પણ આપી શકશો. તેનાથી તમને ખૂબ આનંદ અને શાબાશી પણ મળશે. ભારતની સમૃદ્ધ પરંપરાની નાનકડી ઓળખ તમને કલા સંસ્કૃતિ ઉપક્રમ દ્વારા મળશે. તો ચાલો, કૃતિયુક્ત અધ્યયનનો અનુભવ લઈએ.

કૃતિ, ચિત્રો, સંવાદ, વાર્તા, ગીતો અને રમતગમતના કારણે શીખવું સહજ અને આનંદદાયક બનશે. આ પાઠ્યપુસ્તકમાં તમને જાતે દરેક કૃતિઓ કરીને શીખવાની તક મળશે. શિક્ષકો તમારી કૃતિ તરફ વિશેષ ધ્યાન આપશે. તમે શું શીખ્યા, તે જોશે અને તેની નોંધ લેશે. દરેક જણ પોતાની રીતે શીખે, પ્રયત્ન કરે, દરેક કૃતિમાં ભાગ લે તેવી અપેક્ષા છે.

આ પાઠ્યપુસ્તકમાં તમને ગમેલી બાબતો તેમ જ તેમાં વધુ શું ઉમેરી શકાય, તે અંગેના તમારા અભિપ્રાયો અમને મોકલવાનું ભૂલશો નહિ.

તમે રજૂ કરેલી કલાકૃતિઓનું દૃશ્યશ્રાવ્ય સાહિત્ય મંડળને મોકલશો. તો પછી ચાલો, શીખીએ, કૃતિ કરીએ અને આનંદ લઈએ.

તમારા ઉજ્જ્વળ ભવિષ્ય માટે અંતરની શુભેચ્છાઓ!

(અનુરાધા ઓક)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને
અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪.

પુણે
તારીખ : ૧૯ એપ્રિલ, ૨૦૨૬
ભારતીય સૌર : વૈશાખ સુદ બીજ, શકે ૧૯૪૮.

# શિક્ષકો માટે

રાષ્ટ્રીય શિક્ષણ ધોરણ ૨૦૨૦ના માર્ગદર્શક તત્ત્વો અનુસાર કલાશિક્ષણ વિષયને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વધારવી, કલ્પનાશક્તિનો વિકાસ કરવો, અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવું અને શીખવાની પ્રક્રિયાને આનંદમય બનાવવી એ કલાશિક્ષણના મુખ્ય હેતુઓ છે.

આ પાઠ્યપુસ્તકમાં દશ્યકલા, રંગમંચ, સંગીત, નૃત્ય અને હલનચલન-આ ચાર કલાપ્રકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક કલાપ્રકાર દ્વારા વિદ્યાર્થીઓને નિરીક્ષણ, પ્રસ્તુતિકરણ, નવી રચનાઓ કરવી અને પોતાની કલ્પનાઓ વ્યક્ત કરવાની તક મળશે.

કૃતિ આધારિત પ્રવૃત્તિઓ, સમૂહકાર્ય, ચર્ચા અને ભૂમિકાભિનય જેવી શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરીને અભ્યાસનો અનુભવ આપવો. દરેક પ્રવૃત્તિમાં આનંદમય શિક્ષણ પર ભાર આપવો. દશ્યકલા, રંગમંચ, સંગીત, નૃત્ય અને હલનચલન દ્વારા વિદ્યાર્થીઓ પોતાના વિચારો, ભાવનાઓ અને કલ્પનાઓ સરળતાથી વ્યક્ત કરી શકશે. આ પાઠ્યપુસ્તકમાં વિશેષ માહિતી આપવામાં આવી છે. તે માહિતી પર આધારિત પ્રશ્ન અથવા સ્વાધ્યાય કરાવવાને બદલે પ્રત્યક્ષીકરણ પર વધુ ભાર આપવો અપેક્ષિત છે.

આ પુસ્તકમાં ચાર વિભાગો-દશ્યકલા, નાટક, સંગીત અને નૃત્ય-અલગ દર્શાવવામાં આવ્યા છે, પરંતુ વાર્ષિક આયોજનમાં આ ચારેય વિભાગોના ઘટકોને સમાન મહત્વ આપવું, જેથી વિદ્યાર્થીઓને આખું વર્ષ ચારેય કલાપ્રકારોનો અનુભવ અને આનંદ મળી રહે. ક્યૂ. આર. કોડનો યોગ્ય ઉપયોગ કરવો. દરેક વિભાગની નીચે કેટલીક સૂચનાઓ આપવામાં આવી છે.

- વિવિધ પ્રકારની રેખાઓ અને આકારો તેમજ સુંદર અક્ષરલેખન માટે વિવિધ અક્ષર અવયવોનો અભ્યાસ કરાવવો.
- નૈસર્ગિક અને માનવસર્જિત ઘટકો વચ્ચેનો તફાવત સમજાવી તેમના ઉદાહરણો આપવાં.
- સ્મરણચિત્ર દોરવાના તબક્કા સમજાવવા. ચિત્ર દોરતી વખતે અન્ય વિદ્યાર્થીઓની નકલ ન કરે તેની કાળજી રાખવી. પ્રસંગનું વર્ણન કરીને સ્મરણચિત્ર દોરવા પ્રેરિત કરવા.
- સ્મરણચિત્ર અને કલ્પનાચિત્રના નમૂના દેખાડી તેમની વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો. તેમની કલ્પનાઓને પ્રોત્સાહન મળે તેવી વાર્તાઓ અને વાતાવરણ તૈયાર કરવું.
- વિવિધ પ્રકારના ચિત્રનમૂનાઓ, ફોટા, શિલ્પોના નમૂનાઓ વગેરેનો સંગ્રહ કરીને શિક્ષણસામગ્રી તરીકે ઉપયોગ કરવો.
- દરેક વિદ્યાર્થીને દશ્યકલા ગમે જ એવું જરૂરી નથી. તેથી તેમની રુચિ વિકસે તે માટે પ્રાયોગિક અનુભવ આપવો. જો કોઈ વિદ્યાર્થી નવી કલાકૃતિ બનાવવાનો પ્રયાસ કરે તો તેને પ્રોત્સાહન અને યોગ્ય માર્ગદર્શન આપવું.
- સ્થાનિક કલાપ્રકારો અને કલાકારોનો પરિચય કરાવવો. શક્ય હોય તો સ્થાનિક કલાકારોની કાર્યશાળાઓનું આયોજન કરવું.

## ૨. રંગમંચ

- વર્ગમાં આનંદમય વાતાવરણ સર્જીને સરળ અને પ્રાકૃતિક ક્રિયાઓ, હલનચલન અને મૂક અભિનય કરાવવો. નાના જૂથોમાં પ્રસંગોનું નાટ્યરૂપ પ્રસ્તુતિકરણ કરાવવું.
- પ્રાણી, પક્ષી અને પ્રકૃતિના વિવિધ ઘટકોની ભૂમિકાઓ આપીને અભિનય કરાવવો.
- વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે સંવાદ અને હલનચલન રજૂ કરવાની તક આપવી. ચિત્રો બતાવી પ્રશ્નો પૂછવા, જેમ કે: 'તમને આ ચિત્રમાં શું દેખાય છે?'
- દરેકને ભૂમિકા આપીને પ્રસ્તુતિકરણમાં સહભાગી કરાવવા. દૈનિક અનુભવ આધારિત નાના પ્રસંગો પસંદ કરવા.
- પ્રસ્તુતિકરણ દરમિયાન સુરક્ષા જાળવવી અને ઉપલબ્ધ સામગ્રીનો વિવિધ રીતે ઉપયોગ કરવાની ટેવ વિકસાવવી.
- એક જૂથનું પ્રસ્તુતિકરણ જોતા અન્ય વિદ્યાર્થીઓને નિરીક્ષણાત્મક અભિપ્રાય આપવા પ્રોત્સાહિત કરવા અને 'વર્ગનાટ્યગૃહ'ની સંકલ્પના પ્રત્યક્ષ કરાવવી.

### ૩. સંગીત

- વર્ગમાં આનંદદાયક અને ઉત્સાહપૂર્ણ વાતાવરણ ઊભું કરીને વિદ્યાર્થીઓનો સક્રિય સહભાગ સુનિશ્ચિત કરવો.
- ગીત શીખવતી વખતે શિક્ષકે પહેલાં ગીત ગાઈને બતાવવું. ગીતના નાના-નાના ભાગ કરીને શીખવવું.
- સરળ ઉદાહરણો દ્વારા તાલ, લય અને સૂરની ઓળખ કરાવવી. તાલ માટે તાલીઓનો ઉપયોગ કરીને ગીત વધુ રસપ્રદ બનાવવું. એકલ તથા યુગલ ગાયન માટે પ્રોત્સાહન આપવું.
- લોકગીતો જેવા કે વાસુદેવ ગીત, પોવાડા, ભારૂડ, ભજન, આરતીઓ વગેરેનો પરિચય કરાવવો અને તેમનો પ્રાયોગિક અભ્યાસ કરાવવો.
- ઉપલબ્ધ વાદ્યો (ઢોલ, ઝાંઝ, હાર્મોનિયમ, તબલા વગેરે)નો ઉપયોગ કરીને તાલની સમજ આપવી. નાના-નાના જૂથોમાં વિભાગવાર ગીતો ગવડાવવા.
- દરેક વિદ્યાર્થીને ગાયન અથવા વાદન માટે ભાગ લેવાની તક આપીને તેમનો આત્મવિશ્વાસ વધારવો.
- ઉપલબ્ધ સાહિત્ય અથવા વીડિયોની મદદથી સ્વર અને અલંકારોનો તાલબદ્ધ અભ્યાસ કરાવવો.
- **પ્રથમ પૃષ્ઠ પરના ક્યૂ. આર. કોડનો ઉપયોગ કરીને ગીતો સાંભળવા અને શીખવા પ્રોત્સાહિત કરવા. સમૂહ અને વ્યક્તિગત પ્રસ્તુતીકરણના આધારે મૂલ્યાંકન કરવું. મૂલ્યાંકન કરવું.**

### ૪. નૃત્ય અને હલનચલન

- વર્ગમાં આનંદી અને ઉત્સાહભર્યું વાતાવરણ ઊભું કરીને દરેક વિદ્યાર્થીને નૃત્યમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવું.
- સહજ અને નૈસર્ગિક હલનચલન દ્વારા નૃત્યની ઓળખ કરાવવી.
- દૈનિક હલનચલન (જેમ કે ચાલવું, કૂદકા મારવા, ફરવું)ને નૃત્યમાં કેવી રીતે રૂપાંતરિત કરી શકાય તે સમજાવવું.
- તાલ, લય અને ગતિની સમજ રમૂજી પદ્ધતિથી કરાવવી.
- ચહેરાના વિવિધ ભાવો (આનંદ, દુઃખ, આશ્ચર્ય) દ્વારા અભિવ્યક્તિ કરવા સંબંધી માર્ગદર્શન આપવું.
- નાના જૂથોમાં સરળ નૃત્ય પ્રયોગો કરવા પ્રોત્સાહિત કરવા. દરેક વિદ્યાર્થીને ભાગ લેવાની તક આપવી.
- નૃત્ય કરતી વખતે શારીરિક સુરક્ષા, યોગ્ય અંતર જાળવવું અને યોગ્ય પોશાક પહેરવો તે અંગે સૂચના આપવી.
- ઉપલબ્ધ સાધનો (સંગીત, સ્થળ વગેરે)નો યોગ્ય ઉપયોગ કરીને વિવિધ પ્રકારના નૃત્યના અનુભવો આપવા પ્રયત્ન કરવો.
- નૃત્યના અંતે વિદ્યાર્થીઓએ શું અનુભવ્યું અથવા શું શીખ્યા તેની ટૂંકી ચર્ચા કરવી. તેમની સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસને પ્રોત્સાહન આપતા સકારાત્મક પ્રતિભાવ આપવા.
- દરેક પ્રકારના વિદ્યાર્થીઓનો સર્વસમાવેશક વિચાર કરીને આ પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવી છે. દરેક વિદ્યાર્થી પોતાની ક્ષમતા પ્રમાણે ભાગ લઈ શકે અને તેમના કલાગુણને પ્રોત્સાહન મળે એ રીતે પાઠ્યપુસ્તકમાં ઉપક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી તે બાબતે સંવેદનશીલ દૃષ્ટિકોણ રાખવો.
- દરેક કલા વિભાગ માટે આપેલ અભ્યાસક્રમ, ધ્યેય અને ક્ષમતાઓ અધ્યયન નિષ્પત્તિઓના આધારે શિક્ષક પ્રભાવશાળી અધ્યાપન કરે તેવી અપેક્ષા છે. તેના દ્વારા કલા વિષય તરફ સમગ્ર દૃષ્ટિએ જોનાર કૌશલ્યપૂર્ણ તૈયાર થાય અને તે આનંદિત જીવન જીવી શકે તે મુખ્ય ઉદ્દેશ છે. આ માટે સૌ સાથે મળી પ્રયત્ન કરીએ.

# ધોરણ ૩ કલાશિક્ષણ

| | |
|---|---|
| **દૃશ્યકલા** | |
| અભ્યાસક્રમ ધ્યેય - CG - 1 કલાના માધ્યમથી માનવીય ભાવનાઓનું અન્વેષણ(શોધ) , ચિત્રણ અને અભિવ્યક્ત થવાનો આત્મવિશ્વાસ વિકસિત કરવો. | |
| ક્ષમતા - C - 1.1 દૈનિક જીવનના અનુભવ અને કલ્પનાશક્તિ આધારિત વિવિધ ચિત્રો ઉત્સાહપૂર્વક તૈયાર કરે છે. | |
| **ક્રમાંક** | **અધ્યયન નિષ્પત્તિ** |
| 03AE01 | પરિસરના વિવિધ ઘટકોનું સરળ પદ્ધતિથી રેખાંકન કરે છે. |
| 03AE02 | પરિસરના જુદા-જુદા ઘટકોનું સ્મરણચિત્ર દોરે છે. |
| 03AE03 | ચિત્રમાં પોતાના વિચારો-કલ્પનાઓ મુક્તપણે રજૂ કરે છે. |
| 03AE04 | પરિસરના વિવિધ ઘટકોનું સ્વકલ્પનાથી રેખાંકન કરે છે. |
| ક્ષમતા C - 1.2 દૃશ્યકલામાં પરસ્પર સમન્વય સાધીને કામ કરતી વખતે વિવિધ વિચારો અને પ્રતિભાવો અંગે ચર્ચા કરે છે. | |
| 03AE05 | અક્ષરોના અવયવો ઓળખીને અક્ષર લેખન કરે છે. |
| 03AE06 | વિવિધ અક્ષર નમૂનાઓમાંથી સુંદર હસ્તાક્ષરનો નમૂનો શોધીને તેનો અક્ષર લેખનમાં ઉપયોગ કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : CG - 2 કલાના અભ્યાસ માટે પોતાની કલ્પનાશક્તિ અને સર્જનશીલતાનો મુક્તપણે ઉપયોગ કરવો. | |
| ક્ષમતા : C–2.1 : દૈનિક અવલોકનો, વ્યક્તિગત અનુભવો અને ભાવનાઓનું ચિત્રણ કરતી વખતે દૃશ્ય ઘટકોના (રેખા, આકાર, રંગ, અવકાશ, પોત) વિવિધ સંયોજનોનો રચનાત્મક ઉપયોગ કરે છે. | |
| 03AE07 | રેખાની સંકલ્પના સમજીને મુક્ત રેખાઓ દોરે છે. |
| 03AE08 | વિવિધ પરિચિત આકારોનું સ્મરણ આધારે ચિત્રણ કરે છે. |
| 03AE09 | પરિસરના કુદરતી ઘટકોનું સ્મરણ આધારે ચિત્રણ કરે છે. |
| 03AE10 | દૈનિક વપરાશની વસ્તુઓનું સરળ પદ્ધતિથી ચિત્રણ કરે છે. |
| ક્ષમતા : C–2.2 : વર્ગમાં સામૂહિક રીતે રજૂ કરેલી કલાકૃતિના દૃશ્ય, ઘટક, સંકલ્પના અને અભિવ્યક્તિની સરખામણી અને વિરોધાભાસ સ્પષ્ટ કરે છે. | |
| 03AE011 | આકારોનું તુલનાત્મક રેખાંકન કરીને ચિત્રણ કરે છે. |
| 03AE12 | આકાર અને રંગોના સંયોજનથી નક્શીકામ કરે છે. |
| 03AE13 | ઘેરા રંગો અને આછા રંગો વચ્ચેનો ફરક ઓળખીને તે રંગોનો નક્શીકામમાં ઉપયોગ કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : CG –3 : કલાની મૂળભૂત પ્રક્રિયાઓ, સાહિત્ય અને તકનીકનો કે તંત્રનો આવિષ્કાર કરવો. | |
| ક્ષમતા : C–3.1 : દૃશ્યકલામાં વપરાતા સાહિત્ય, સાધનો અને તકનીકની પસંદગી કરે છે. | |
| 03AE14 | વિવિધ સાધનોના ઉપયોગ કરીને પોત નિર્માણ કરે છે. |
| 03AE15 | ઉપલબ્ધ વિવિધ સાહિત્ય, સાધનોનો અને માધ્યમોનો ઉપયોગ કરી રેખાંકન કરે છે. |
| 03AE16 | છાપ લેવા માટે વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરે છે. |
| 03AE17 | પરિસરમાં ઉપલબ્ધ માધ્યમ અને સાધનોનું સંકલન કરીને તેમાંથી ત્રિપરિમાણીય રચના કરે છે. |
| ક્ષમતા : C–3.2 : વ્યક્તિગત અને સામૂહિક દૃશ્ય કલાકૃતિ તૈયાર કરતી વખતે નિયોજન, અમલીકરણ અને પ્રસ્તુતિના તબક્કાઓનું પાલન કરે છે. | |
| 03AE18 | કાગળના નાના ટુકડા કરીને વ્યક્તિગત/સમૂહમાં કોલાજ બનાવે છે. |
| 03AE19 | ઉપલબ્ધ સાહિત્ય અને માધ્યમોના સંકલનથી સહેલાં ત્રિપરિમાણીય આકારો તૈયાર કરે છે. |
| 03AE20 | એકત્રિત પર્યાવરણપૂરક સાધનોમાંથી સરળ આકારો વ્યક્તિગત/સમુહમાં તૈયાર કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : CG –4 : આસપાસ કુદરતી સૌંદર્ય શોધવું. વિવિધ સ્થાનિક કલાપ્રકાર તેમજ સાંસ્કૃતિક રીત-રિવાજો પ્રત્યે રૂચિ નિર્માણ કરવી. | |
| ક્ષમતા : C–4.1 : કુદરતમાંના દૃશ્ય ઘટકો ઓળખે છે અને તેના કલાત્મક ગુણોનું વર્ણન કરે છે. | |
| 03AE21 | વિવિધ રેખાઓ અને આકારોના રેખાંકન વચ્ચેનો તફાવત સમજીને રેખાંકન કરે છે. |
| 03AE22 | વિવિધ રેખાઓ અને આકારો ઓળખીને તેમની વિશેષતાઓનું વર્ણન કરીને રેખાંકન કરે છે. |
| 03AE23 | કુદરતના વિવિધ ઘટકોનું સરળ પદ્ધતિથી રેખાંકન કરે છે. |
| ક્ષમતા : **C – 4.2 :** સ્થાનિક કલાકારો અને સંસ્કૃતિ વિશે ઉત્સુકતા દર્શાવે છે. | |
| 03AE24 | સ્થાનિક સંસ્કૃતિ વિશે માહિતી આપે છે. |
| 03AE25 | સ્થાનિક કલાકારો/કલાપ્રકારો વિશે માહિતી એકત્રિત કરીને પ્રકલ્પ તૈયાર કરે છે. |

| | |
|---|---|
| **નાટ્ય** | |
| અભ્યાસક્રમ ધ્યેય : CG – 1 : કલાના માધ્યમથી માનવીય ભાવનાઓનું અન્વેષણ, પ્રસ્તુતિકરણ અને અભિવ્યક્ત થવાનો આત્મવિશ્વાસ અનુભવમાંથી વિકસિત કરવો. | |
| ક્ષમતા : C – 1.1 : નાટકમાં અભિનય કરતી વખતે પ્રસંગો તેમજ વિવિધ ઘટકો અને પાત્રોનું ઉત્સાહપૂર્વક પ્રસ્તુતિકરણ કરે છે. | |
| 03AE26 | કુટુંબ અને પરિસરમાં રોજિંદા જીવનની માનવી કૃતિઓનું નિરીક્ષણ કરીને અભિનય દ્વારા પ્રસ્તુતિ કરે છે. |
| 03AE27 | પર્યાવરણના પ્રાણીઓ અને પક્ષીઓનું નિરીક્ષણ કરીને તેમના હલનચલનનું પોતાની રીતે (સ્વયંભૂ) પ્રસ્તુતિકરણ કરે છે. |
| ક્ષમતા : C – 1.2 : નાટકના કલાકારો સાથે પરસ્પર સમન્વય સાધીને કામ કરતી વખતે પોતાના વિચારો અને પ્રતિભાવોની ચર્ચા કરે છે. | |
| 03AE28 | દૈનિક વપરાશની વસ્તુના અવાજ ઓળખીને પ્રસ્તુત કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : CG – 2 : કલાના અભ્યાસ માટે પોતાની કલ્પનાશક્તિ અને સર્જનશીલતાનો મુક્તપણે ઉપયોગ કરવો. | |
| 03AE29 | પ્રસ્તુતિકરણ માટે આવશ્યક સાહિત્યની ગટચર્ચા કરીને યાદી તૈયાર કરે છે. |
| 03AE30 | પ્રસ્તુતિ માટે વર્ગના સહપાઠીઓને દૃશ્યઘટકો બનાવવામાં મદદ કરે છે. |
| 03AE31 | પરિસરમાં ધ્વનિ (અવાજ) ઉત્પન્ન કરતી વસ્તુઓ શોધીને તેનો પ્રસ્તુતિકરણ માટે કલ્પકતાથી ઉપયોગ કરે છે. |
| ક્ષમતા : C–2.2 : નાટકનો એકાદ વિષય, ઘટક અને વર્ગમાં તૈયાર કરેલી તે સંબંધિત કલાત્મક અભિવ્યક્તિની તુલના અને વિરોધાભાસ દર્શાવે છે. | |
| 03AE32 | પસંદ કરેલા પ્રસંગાનું નાટક પ્રસ્તુત કરે છે. |
| 03AE33 | પ્રસ્તુતિ પછી ચર્ચામાંથી મળેલા સૂચનો પર વિચાર કરીને ફરીથી પ્રસ્તુતિ કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : CG – 3 : કલાની મૂળભૂત પ્રક્રિયાઓ, સાહિત્ય અને તંત્રનો આવિષ્કર કરવો. | |
| ક્ષમતા : C – 3.1 : નાટ્યકલામાં કામ કરતી વખતે વપરાતી સામગ્રી, સાધનો અને તકનીકોની પસંદગી કરે છે. | |
| 03AE34 | નાટ્યકલાની પ્રસ્તુતિ માટે પ્રત્યક્ષ સાહિત્ય ઉપલબ્ધ ન હોય ત્યારે વૈકલ્પિક સાહિત્યનો ઉપયોગ કરે છે. |
| 03AE35 | પ્રસ્તુતિ માટે આવશ્યક વેશભૂષા અને રંગભૂષા પસંદ કરીને પ્રસ્તુતિ કરે છે. |
| ક્ષમતા : C – 3.2 : વ્યક્તિગત અને સામૂહિક નાટક પ્રસ્તુત કરતી વખતે આયોજન, અમલીકરણ અને પ્રસ્તુતિના તબક્કાઓનું પાલન કરે છે. | |
| 03AE36 | નાટકના વિવિધ પ્રસંગો અથવા પ્રસ્તુતિનો અભ્યાસ કરે છે. |
| 03AE37 | પ્રસ્તુતિ કરતી વખતે સહાયક તકનીકી બાબતોનો યોગ્ય ઉપયોગ કરે છે. |
| 03AE38 | વર્ગખંડ એ જ નાટ્યગૃહ સંકલ્પનામાં માનવીય શરીરકૃતિથી પડદો તૈયાર કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : CG – 4 : આસપાસના સૌંદર્યની શોધ લેવી અને વિવિધ સ્થાનિક કલાપ્રકાર તેમજ સાંસ્કૃતિક રીત-રિવાજો પ્રત્યે રુચિ નિર્માણ કરવી. | |
| ક્ષમતા : C – 4.1 : નિસર્ગમાં છુપાયેલું નાટક અને હાલચાલના ઘટકો ઓળખે છે અને તેના કલાત્મક ગુણોનું વર્ણન કરે છે. | |
| 03AE39 | પ્રસ્તુતિમાં કુદરતી પ્રકાશનો ઉપયોગ કરે છે. |
| 03AE40 | પ્રસ્તુતિ કરતી વખતે ઋતુઓનો વિચાર કરીને વેશભૂષા કરે છે. |
| ક્ષમતા : C – 4.2 : સ્થાનિક પ્રકાર અને સંસ્કૃતિ વિશે ઉત્સુકતા દર્શાવે છે. | |
| 03AE41 | આસપાસ થતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિરીક્ષણ કરીને જૂથચર્ચા કરે છે. |
| 03AE42 | સ્થાનિક લોકકલાકારો અને તેમની કલા વિશે માહિતી મેળવીને ચર્ચા કરે છે. |
| **સંગીત** | |
| અભ્યાસક્રમ ધ્યેય : CG – 1 : કલાના વિવિધ માધ્યમથી પોતાના અનુભવો વ્યક્ત કરવા અને મુક્તપણે અભિવ્યક્ત થવા માટે આત્મવિશ્વાસ વિકસિત કરવો. | |
| ક્ષમતા : C – 1.1 : વિવિધ સંગીત કૃતિઓ દ્વારા પોતાના વ્યક્તિગત અને દૈનિક જીવનના અનુભવો આત્મવિશ્વાસ પૂર્વક વ્યક્ત કરે છે. | |
| 03AE43 | પરિચિત સંગીત સાંભળીને ગણગણે છે. |
| 03AE44 | ગાયન અને વાદનનો અભ્યાસ કરી ઉત્સાહપૂર્વક મહાવરો કરે છે. |
| ક્ષમતા : C – 1.2 : સંગીત કલામાં સામૂહિક કામ કરતી વખતે પોતાના વિચારો અને પ્રતિસાદોની ચર્ચા કરે છે. | |
| 03AE45 | સમૂહમાં સંગીતમય પ્રવૃત્તિ કરતી વખતે તે પ્રવૃત્તિ વિશે ચર્ચા કરીને પોતાનો મત વ્યક્ત કરે છે. |
| 03AE46 | શિક્ષકો તેમજ સહપાઠી વિદ્યાર્થીઓએ ગીત ગાયનમાં સૂચવેલા ફેરફારો ધ્યાનમાં રાખીને તે મુજબ પ્રતિસાદ આપે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય CG – 2 : કલાના અભ્યાસ અને મહાવરા માટે પોતાની કલ્પનાશક્તિ અને સર્જનશીલતાનો મુક્ત ઉપયોગ કરવો. | |
| ક્ષમતા : C – 2.1 : વિવિધ પ્રકારના ગાયન, વાદન (એકલ, યુગલ, સમૂહ) સંગીત સંયોજનના ગીતો અને તાલનો મહાવરો અને પ્રસ્તુતિનું સંયોજન કરે છે. | |
| 03AE47 | પરિચિત ગીતો જેવા કે બાળગીત, અભિનય ગીત સાંભળીને ગાય છે. |
| 03AE48 | ગાયનના વિવિધ પ્રકારો (જેમ કે એકલ ગાયન, યુગલ ગાયન) સમજીને ગાય છે. |
| 03AE49 | એકલ અને યુગલ ગાયનનો મહાવરો કરીને પ્રસ્તુતિ કરે છે. |
| ક્ષમતા : C – 2.2 : ગીત અને અભિવ્યક્તિ દ્વારા વર્ગમાં રજૂ કરેલી સંગીત કલાના વિવિધ ઘટકોની તુલના અને વિરોધાભાસ (લય, તાલ, સૂર, ભાવ) દર્શાવે છે. | |
| 03AE50 | ગીતોના વિવિધ પ્રકારો કહે છે અને ગાય છે. |

| | |
|---|---|
| 03AE51 | વિવિધ ગીત પ્રકારો સાંભળીને તફાવત ઓળખે છે. |
| 03AE52 | શાસ્ત્રીય સંગીતની પરિભાષા વિશે જણાવે છે (દા.ત. સંગીત આરોહ, અવરોહ). |
| 03AE53 | સરળ અલંકારોની રચના અને ક્રમ જણાવે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : **CG – 3 :** કલાની મૂળભૂત પ્રક્રિયાઓ, સાહિત્ય અને તકનીકોની શોધ કરવી. | |
| ક્ષમતા : **C – 3.1 :** સંગીત કલાની પ્રસ્તુતિ માટે ધ્વનિ, વાદ્યો અને તેના સંયોજની પસંદગી કરીને પ્રસ્તુતિકરણ કરે છે. | |
| 03AE54 | પરિસરના વિવિધ અવાજો સાંભળીને ઓળખે છે. |
| 03AE55 | પરિસરના વિવિધ અવાજોમાંથી ઉત્પન્ન થતાં લય અને તાલનો ઉપયોગ કરીને ગાયન, વાદન કરે છે. |
| ક્ષમતા : **C – 3.2 :** પ્રસ્તુતિકરણ અને મહાવરામાં સહભાગી થવા માટે સંગીત પસંદ કરતી વખતે વિવિધ કલ્પનાઓ સૂચવે છે. | |
| 03AE56 | ધ્વનિ અને વાદ્યોની સહાયથી ગીત ગાતી વખતે નવીન કલ્પનાઓ સૂચવીને પ્રસ્તુત કરે છે. |
| 03AE57 | વિવિધ ગીતોનો મહાવરો કરીને ગાય છે. |
| 03AE58 | મહાવરો કરીને તૈયાર કરેલા ગીતોની પ્રસ્તુતિ કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : **CG – 4 :** આસપાસના સૌંદર્યની શોધ લેવી અને વિવિધ સ્થાનિક કલા પ્રકાર તેમજ સાંસ્કૃતિક રીત-રિવાજો પ્રત્યે રુચિ નિર્માણ કરવી. | |
| ક્ષમતા : **C – 4.1 :** કુદરતી સંગીતના ઘટકો ઓળખે છે અને તેના કલાત્મક ગુણોનું વર્ણન કરે છે. | |
| 03AE59 | પરિસરમાં સાંભળેલા ધ્વનિને સંગીતના ધ્વનિ સાથે જોડે છે. |
| 03AE60 | સ્થાનિક પરિસરના કલાકારો વિશે માહિતી આપે છે. |
| ક્ષમતા : **C – 4.2 :** સ્થાનિક કલાપ્રકારો અને સંસ્કૃતિ વિશે ઉત્સુકતા દર્શાવે છે. | |
| 03AE61 | પરિસરમાંના સ્થાનિક લોકસંગીત વિશે માહિતી મેળવીને તેમાં સહભાગી થાય છે. |

## નૃત્ય

| | |
|---|---|
| અભ્યાસક્રમ ધ્યેય : **CG – 1 :** કલાના માધ્યમથી અનુભવ દ્વારા માનવીય ભાવનાઓનું અન્વેષણ, પ્રસ્તુતિ અને અભિવ્યક્તિ કરવાનો આત્મવિશ્વાસ વિકસિત કરવો. | |
| ક્ષમતા : **C – 1.1 :** પરિચિત નૃત્ય હલનચલનના મહાવરો અને ઉત્સાહપૂર્વક રજૂઆત કરે છે. | |
| 03AE62 | પરિચિત નૃત્યની શારીરિક હાલચાલનું ક્રમશઃ તેમજ લયબદ્ધ અને તાલબદ્ધ પ્રસ્તુતિકરણ કરે છે. |
| ક્ષમતા : **C – 1.2 :** નૃત્ય અને સામૂહિક પ્રસ્તુતિ કરતી વખતે વિચારો અને પ્રતિસાદો પર ચર્ચા આપે છે. | |
| 03AE63 | નૃત્ય હાલચાલમાં સામૂહિક પ્રસ્તુતિમાં સહયોગ સાધે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય **CG – 2 :** કલાના મહાવરા માટે પોતાની કલ્પનાશક્તિ અને સર્જનશીલતાનો મુક્ત ઉપયોગ કરવો. | |
| ક્ષમતા : **C – 2.1 :** દૈનિક કાર્યો અને વ્યક્તિગત અનુભવો પર આધારિત નૃત્ય માટે હલનચલનમનો ક્રમ તૈયાર કરીને પ્રસ્તુત કરે છે. | |
| 03AE64 | દૈનિક જીવનમાં કરવામાં આવતી શારીરિક હાલચાલનો ક્રમ તૈયાર કરીને પ્રસ્તુત કરે છે. |
| ક્ષમતા : **C – 2.2 :** વર્ગમાં રજૂ કરેલા નૃત્યના વિષયો, વિવિધ નૃત્ય, વિવિધ શૈલીની અભિવ્યક્તિ, તાલ, મુદ્રા વગેરેની તુલના અને વિરોધાભાસ દર્શાવે છે. | |
| 03AE65 | નૃત્યમાં જરૂરી લય, તાલ આ સંકલ્પનાઓ સ્પષ્ટ કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : **CG – 3 :** કલાની મૂળભૂત પ્રક્રિયાઓ, સાહિત્ય અને ટેકનીકની (તંત્રની) કરવી. | |
| ક્ષમતા : **C – 3.1 :** નૃત્યમાં વપરાતા વાદ્યો, પોશાક, નૃત્યનો કૃતિક્રમ જરૂરી સાધનો અને અન્ય વ્યવસ્થાઓની પસંદગી કરે છે. | |
| 03AE66 | નૃત્ય માટે વપરાતા વાદ્યો ઓળખીને તેમના નામ જણાવે છે. |
| 03AE67 | વિવિધ વેશભૂષાનું નિરીક્ષણ કરીને તેના આધારે નૃત્યના પ્રકાર ઓળખે છે. |
| 03AE68 | વિવિધ વેશભૂષા પ્રમાણે નિરીક્ષણ કરીને કેટલીક નૃત્ય હાલચાલ કરીને દર્શાવે છે. |
| ક્ષમતા : **C – 3.2 :** નૃત્ય માટે જરૂરી હાલચાલનો ક્રમ પસંદ કરતી વખતે, પ્રસ્તુતિ અને મહાવરો કરતી થતી વખતે વિચારોનું યોગદાન આપે છે. | |
| 03AE69 | પોતાની કલ્પના પ્રમાણે વિશિષ્ટ પદ્યો પર ચર્ચા કરીને તેના પર આધારિત નૃત્ય નિર્દેશન દ્વારા પ્રસ્તુતિ કરે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : **CG – 4 :** આસપાસના સૌંદર્યની શોધ લેવી અને વિવિધ સ્થાનિક કલાપ્રકાર તેમજ સાંસ્કૃતિક રીત-રિવાજો પ્રત્યે રૂચિ નિર્માણ કરવી. | |
| ક્ષમતા : **C – 4.1 :** કુદરતી નૃત્ય અને તેમાંના હાલચાલના ઘટકો ઓળખે છે અને તેના કલાત્મક ગુણોનું વર્ણન કરે છે. | |
| 03AE70 | પ્રકૃતિના ઘટકોનું વર્ણન કરી વિવિધ ગીતો પર નૃત્ય અને હલનચલન કરે છે. |
| ક્ષમતા : **C – 4.2 :** સ્થાનિક કલાપ્રકારો અને સંસ્કૃતિ વિશે ઉત્સુકતા દર્શાવે છે. | |
| 03AE71 | વિવિધ સ્થાનિક કલાપ્રકારોનું વર્ણન કરીને તેના રહેલા નૃત્ય પ્રકારોની માહિતી આપે છે. |

**સૂચના :** વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન સાંકેતિક ભાષા (સાઇન લેંગવેજ) તથા અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને જે રીતે શક્ય હોય, તે રીતે વ્યક્ત થવાની તક આપવી.

# અનુક્રમણિકા


## દશ્યકલા

| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | નકશીની મજા ...................... | 1 |
| ૨. | અક્ષરોની દુનિયામાં ............... | 9 |
| ૩. | મારું ચિત્ર, મારી કલ્પના .......... | 12 |
| ૪. | વસ્તુઓની દુનિયામાં ............. | 16 |
| ૫. | ત્રિપરિમાણીય કલાકૃતિ .......... | 19 |

## રંગમંચ

| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૬. | ચાલો, અભિનય કરીએ ........... | 1 |
| ૭. | કરીએ તૈયારી નાટકની ............... | 28 |
| ૮. | ચાલો, રંગમંચ પર.......... | 32 |

## સંગીત

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૯. સાથે મળીને ગાઈએ ..................... | 39 |
| ૧૦. ગીત એકલાનું, ગીત બન્નેનું .......... | 47 |
| ૧૧. સૂર પરંપરાના ........................ | 53 |
| ૧૨. સૂરો સાથે મૈત્રી ....................... | 60 |

## નૃત્ય

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧૩. નૃત્યનો આનંદ ..................... | 66 |
| ૧૪. નૃત્યમય જીવન ..................... | 71 |
| ૧૫. નૃત્યના સાથી ....................... | 76 |
| ૧૬. કલા સંસ્કૃતિ ....................... | 82 |

# દશ્યકલા



# નક્શીની ગમ્મત

આજે આપણે આપણી આસપાસની એક સુંદર દુનિયાની સફર કરવાના છીએ! તમે ક્યારેય સાડીની કિનારનું નિરીક્ષણ કર્યું છે કે? અથવા શર્ટ પરના નાના-નાના ચોરસનું નિરીક્ષણ કર્યું છે? આપણે જ્યારે ઘરની બહાર નીકળીએ છીએ, ત્યારે ઘરના દરવાજે લગાવેલું તોરણ, દરવાજા સામે પૂરેલી રંગોળી આ બધામાં એક સમાનતા જોવા મળે છે.





જ્યારે કોઈ રેખા, કોઈ આકાર અથવા કોઈ રંગ એક પછી એક ચોક્કસ ક્રમમાં વારંવાર આવે છે, ત્યારે ત્યાં એક સુંદર નક્શી (ભાત) તૈયાર થાય છે. નક્શી એ માત્ર ચિત્ર નથી, પરંતુ તે 'રેખાઓ, આકારો અને રંગોનો એક આકૃતિબંધ, પુનરાવૃત્તિ અથવા લયબદ્ધ માંડણી' છે.





આપણા ઘરની ટાઇલ્સ પર, બારીમાંની લોખંડની જાળીમાં, આપણે પૂરેલી રંગોળીમાં પણ નક્શી (ભાત) છુપાયેલી હોય છે. ક્યારેક તે સીધી રેખામાં હોય છે, તો ક્યારેક સર્પાકાર વળાંકમાં હોય છે. ક્યારેક તે ગોળ હોય છે, તો ક્યારેક ત્રિકોણાકાર! આજે આપણે સાદી રેખાઓની મદદથી આ 'નક્શીની ગમ્મત' માણવાના છીએ. ચાલો ત્યારે, આપણે પણ આપણી કલ્પનાશક્તિથી કાગળ પર નક્શીની દુનિયા ખીલવીએ!

## નક્શી : રેખા અને આકાર

સુંદર નક્શીકામ માટે આપણે રેખા અને આકારો સાથે દોસ્તી કરવી પડશે. કારણકે રેખા અને આકાર જ નક્શીકામનો પાયો છે.

**રેખાની ઓળખ :** ઊભી, આડી, ત્રાંસી, તૂટક રેખા, વક્ર રેખા, સર્પાકાર રેખા વગેરે



ઊભી રેખા | આડી રેખા | ત્રાંસી રેખા | તૂટક રેખા | વક્ર રેખા | સર્પાકાર રેખા

- રોજિંદા જીવનમાં જોવા મળતા નક્શીકામના વિવિધ નમૂના બતાવીને તેવા અન્ય ઉદાહરણો પૂછવા. નક્શીકામમાં વપરાતા વિવિધ આકારો વિશે ચર્ચા કરવી.

CG – 3
C – 3.2
LO – 03 AE 37

આપણી આસપાસ દેખાતા આ વિવિધ આકારો જોઈએ, તો તેમાં કેટલાક ભૌમિતિક આકારો અને કેટલાક નૈસર્ગિક આકારો જોવા મળે છે.

**ભૌમિતિક આકાર :** ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, વર્તુળ, અર્ધવર્તુળ



ત્રિકોણ ચોરસ લંબચોરસ વર્તુળ અર્ધવર્તુળ

**નૈસર્ગિક આકારો:** પાંદડાં, ફૂલ, પક્ષીઓ, પ્રાણીઓ, ચંદ્ર અને તારા



### રેખા અને આકારોનો મહાવરો કરીએ.

કાગળ પર વિવિધ પ્રકારની રેખાઓ દોરો. ત્યારબાદ મુક્ત હસ્તે (ફ્રી-હેન્ડ) ગોળાકાર અને વિવિધ ભૌમિતિક તથા નૈસર્ગિક આકારો દોરવાનો મહાવરો કરો.

### રેખાના માધ્યમથી નકશીકામ કરીએ.

નીચે આપેલા ખાનામાં માત્ર ઊભી અને સર્પાકાર રેખાઓની પુનરાવૃત્તિ કરો. જુઓ, એક સાદી પણ આકર્ષક નકશી તૈયાર થશે. ત્યારબાદ તમારી નોટબુકમાં ફક્ત અલગ-અલગ રેખાઓનો ઉપયોગ કરીને નકશી તૈયાર કરો.

### આકારોના માધ્યમથી નકશીકામ કરીએ.

નીચે આપેલા ખાનામાં ફક્ત ભૌમિતિક આકારો જેમ કે ચોરસ, વર્તુળ અને ત્રિકોણનો ઉપયોગ કરો. તમને ગમતાં ક્રમમાં આકારો ગોઠવી નકશી તૈયાર કરો.

- વિવિધ આકારોની ઓળખ કરાવવી.
- શરૂઆતમાં માત્ર રેખાઓ અને ત્યારબાદ માત્ર આકારોના માધ્યમથી નકશી તૈયાર કરાવવી.
- રેખા અને આકારોના માધ્યમથી નકશી તૈયાર કરવાની તક આપવી.

CG – 2
C – 2.1
LO – 7/12/21

## રેખા અને આકારોના માધ્યમથી સુંદર નકશીકામ કરીએ!

નીચે આપેલા ખાનામાં અત્યાર સુધી તમે શીખેલી વિવિધ રેખાઓમાંથી તમારી પસંદગીની કોઈપણ રેખા અને નૈસર્ગિક આકારોની મદદથી સુંદર નકશી તૈયાર કરો.

## ઘેરા અને હળવા/આછા રંગોની ઓળખ

તમને વિવિધ રંગો અને તેમના નામ તો ખબર જ છે. હવે આપણે ઘેરા અને હળવા/આછા રંગોની ઓળખ કરીએ. હવે આ રંગોનું નિરીક્ષણ કરો અને કહો કે કયા-કયા રંગો તમારી આંખોને હળવા/આછા લાગે છે અને કયા ઘેરા લાગે છે?



- **ઘેરા રંગો:** વાદળી, ઘેરો લીલો, જાંબલી, કાળો આ રંગો ઘેરા રંગોની શ્રેણીમાં આવે છે.
- **હળવા/આછા રંગો:** પીળો, નારંગી, લાલ આ રંગો તેજસ્વી અને ચમકદાર દેખાય છે.

**યાદ રાખો :** નકશીમાં રંગ પૂરવાથી તે જીવંત લાગે છે. નકશીમાં વારાફરતી એક ઘેરો અને એક હળવો રંગ પૂરવાથી નકશી ઉઠાવદાર દેખાય છે.

## રેખાંકન અને રંગકામ કરીએ.

નીચે આપેલા ખાનામાં તમને ગમતી રેખાઓ અને આકારોનો ઉપયોગ કરીને સુંદર નકશી દોરો. હવે પહેલા ખાનાની નકશીમાં હળવા/આછા રંગ, જ્યારે બીજા ખાનાની નકશીમાં ઘેરો રંગ પૂરો.

**નકશી દોરીને હળવો/આછો રંગ પૂરો.**

- ઘેરા અને હળવા રંગોની છટાનો પરિચય કરાવવો.
- નકશીમાં ઘેરા અને હળવા રંગો પૂરવા કહેવું.

CG – 2
C – 2.2
LO – 01 AE 12/13

નકશી દોરીને ઘેરો રંગ પૂરો.

નકશી દોરીને ઘેરા અને હળવા બંને રંગોથી રંગો.

## છાપકામથી નકશીકામ

અત્યાર સુધી આપણે રેખા, આકાર અને રંગોના માધ્યમથી સુંદર નકશી તૈયાર કરીને તેમાં રંગ પૂર્યા. હવે નીચે આપેલું નકશીકામ જોઇ તેમાં શું જુદાપણું દેખાય છે? તેના વિશે ચર્ચા કરો.

આપણે પણ આ રીતે છાપ પાડીને નકશી તૈયાર કરી શકીએ છીએ.





ચાલો ત્યારે, વિવિધ પ્રકારની છાપ પાડવાની પદ્ધતિ સમજી લઈએ.

છાપકામ એ નકશીકામની એક સરળ તકનીક/યુક્તિ છે.

આપણે આપણી આસપાસ રહેલી કોઈપણ વસ્તુઓની છાપ લઈ શકીએ છીએ. તે છાપ કાગળ પર બરાબર ઊપસી આવવી જોઈએ. જેમ કે, ભીંડા, કાંદા, પેનનું ઢાંકણું, પાંદડાં, હાથની આંગળીઓ, ડૂચો વાળેલો કાગળ વગેરે.

જે વસ્તુની છાપ લેવાની હોય તે વસ્તુની સપાટીને રંગ ભરેલી ડિશમાં ડૂબાડીને તેને કાગળ પર હળવેથી દબાવવી, જેથી તેનો આકાર કાગળ પર બરાબર ઊપસી આવે. આગળ કેટલાક છાપકામના નમૂના આપેલાં છે. તે છાપ જોઈને તમે ઓળખી શકો કે તે છાપ શેની છે? જુઓ

- છાપ પાડીને તૈયાર કરેલા નકશીકામના નમૂના બતાવવા અને તે છાપ કઈ વસ્તુઓની છે તે ઓળખવા કહેવું.
- છાપ પાડીને નકશીકામ કરાવવું.

CG – 2
C – 2.2
LO – 01 AE 13/16

## છાપ ઓળખો અને લખો.





.......................



.......................



....................

....................

### છાપકામ દ્વારા નકશી તૈયાર કરીએ

તમારી ચિત્રકલાની નોટબુકમાં ભીંડા સમારીને તેને રંગમાં ડૂબાડી એક સીધી રેખામાં તેની છાપ પાડો. ભીંડાની બે છાપ વચ્ચે આંગળીની છાપ પાડીને નવી નકશી તૈયાર કરો.

ખૂબ જ સરસ!

હવે નોટબુકમાં ખાના પાડો અને વિવિધ વસ્તુઓની છાપ પાડી સુંદર નકશી તૈયાર કરવાનો મહાવરો કરો. તેમાંથી તમને ગમેલી નકશી તમારા શિક્ષકને બતાવો.

### પોત નિર્માણ અને નકશીકામ :

વસ્તુના પૃષ્ઠભાગને હાથ અડાડવાથી તે કેવો લાગે છે? (ખરબચડો કે લીસો) તેને પોત કહે છે. આવા ખરબચડા પૃષ્ઠફળના આધારે કાગળ પર પોત તૈયાર કરી શકાય. પોત તૈયાર કરવા માટે નીચેના પગથિયાં મુજબ કૃતિ કરો.

- કોઈપણ ખરબચડો પૃષ્ઠભાગ પસંદ કરો. જેમ કે, સિક્કો, કોથળો, કાંસકો, શણની થેલી, ખરબચડા પૃષ્ઠભાગવાળો કાચ, ઝાડના પાંદડાનો શિરાવાળો ભાગ, ઝાડનું થડ વગેરે.
- જેનું પોત કાગળ પર લેવાનું હોય તે વસ્તુને કાગળની નીચે રાખો. ઉપરથી પેન્સિલ વડે હળવા હાથે ઘસો. જુઓ કાગળ પર એક સરસ પોત તૈયાર થઈ જશે.

- વિવિધ વસ્તુઓની છાપ લઈને નકશીકામ કરવાની તક આપવી અને મહાવરો કરાવવો.

CG – 3
C – 3.1
LO – 03 AE 13/16



● તૈયાર થયેલા પોતને વિવિધ આકારોમાં કાપી લો. જેમ કે, ત્રિકોણાકાર, ચોરસ, ગોળ, અર્ધવર્તુળ, વર્તુળ વગેરે.

● પોતની મદદથી તૈયાર કરેલા આ વિવિધ પ્રકારના અને વિવિધ રંગોના આકારોને કાગળ પર ચોંટાડીને એક સુંદર નકશીયુક્ત રંગોળી તૈયાર કરો.

● પોત તૈયાર કરવા રંગીન પેન્સિલો, ઑઇલ પેસ્ટલનો પણ ઉપયોગ કરી શકાય.

## કોલાજ તંત્રની મદદથી નકશીકામ

હવે નક્શીનો આ નમૂનો જુઓ. શું તમને આમાં કોઈ જુદાપણું જણાય છે? તેના વિશે તમારા વર્ગમાં સમૂહ ચર્ચા કરો. બાજુનું ચિત્ર રંગો પૂરીને કે છાપકામ કરીને તૈયાર કરેલું નથી. પરંતુ કાગળના નાના-નાના ટુકડા ચોંટાડીને તૈયાર કરવામાં આવ્યું છે. આને જ 'કૉલાજ' ચિત્ર કહે છે.



કૉલાજ એટલે વિવિધ પ્રકારના કાગળ, કાપડ અથવા અન્ય વસ્તુઓના નાના ટુકડાઓ એકસાથે ચોંટાડીને તૈયાર કરેલી કલાકૃતિ. ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે કોલાજ તંત્રનો ઉપયોગ કરવાથી એક સુંદર કલાકૃતિ તૈયાર થઇ છે.

- પરિસરના વિવિધ પૃષ્ઠભાગનું પોત તૈયાર કરવાની પ્રત્યક્ષ કૃતિ કરી બતાવવી. વિવિધ પોત તૈયાર કરવાની તક પૂરી પાડવી.
- વિવિધ પોતના માધ્યમથી ચિત્ર/નકશી તૈયાર કરવા પ્રેરિત કરવા.

CG – 3
C – 3.1, 3.2
LO–03AE14/18

## કાગળકામથી નક્શી તૈયાર કરીએ

તે માટે જૂના વર્તમાનપત્રો, રંગીન માસિકોના ટુકડા, કાતર, ગુંદર અને સફેદ કાગળ લો. હવે નીચેના ક્રમ મુજબ કૃતિ કરો:

૧. રંગીન કાગળના નાના-નાના ત્રિકોણ, વર્તુળ અને ચોરસ આકારો કાપી લો.
૨. સફેદ કાગળ પર પેન્સિલથી પાંચ સેમી પહોળી એક લાંબી પટ્ટી તૈયાર કરો.
૩. આ પટ્ટીમાં કાપેલા રંગીન આકારોને એક ચોક્કસ ક્રમમાં ( જેમ કે, એક ત્રિકોણ, એક વર્તુળ) ચોંટાડો.
૪. બે આકારો વચ્ચે ખાલી જગ્યા છોડીને ત્યાં રંગીન કાગળની ઝીણી પટ્ટીઓ ચોંટાડો.
૫. જુઓ, તમારી 'કાગળકામની કૉલાજ નકશી' તૈયાર થઈ ગઈ!
   તૈયાર થયેલી નકશી તમારા શિક્ષકને બતાવો.
   વધુ મહાવરા માટે બીજા જુદા-જુદા રંગના કાગળના ટુકડાઓ વડે નકશી તૈયાર કરો.

## કાગળમાંથી જાળીદાર નકશી

અત્યાર સુધી આપણે કાગળ ઉપર નકશીકામ કર્યું, પણ  કાગળમાંથી પણ નકશીકામ કરી શકાય છે  હોં કે!

તે માટે આપણને જોઈશે...

- રંગીન  અથવા સફેદ ચોરસ કાગળ
- નાની કાતર (બુઠ્ઠી ધારવાળી, બાળકો માટે સુરક્ષિત હોય તેવી)
- પેન્સિલ



**હવે એક પછી એક પગથિયાં કરીને આ નકશી તૈયાર કરીએ**

**પગથિયું ૧:** કાગળની ઘડી વાળવી.

- સૌથી પહેલાં એક ઘેરા રંગનો ચોરસ ચળકતો કાગળ લો.
- તે કાગળને બરાબર વચ્ચેથી વાળીને  તેનો લંબચોરસ આકાર તૈયાર કરો.



**પગથિયું ૨:** નકશીનું રેખાંકન

- હવે કાગળની  બંધ બાજુએ અને ખુલ્લી બાજુએ પેન્સિલથી નાના-મોટા આકાર દોરો.
- જેમ કે-નાનો ત્રિકોણ, અર્ધવર્તુળ અથવા વર્તુળ અથવા કોઇપણ મનપસંદ આકાર.

- કૉલાજના નમૂના બતાવીને કૉલાજની સંકલ્પના સમજાવવી .
- વિવિધ રંગીન કાગળ, માસિકો, વર્તમાનપત્રના રંગીન કાગળનો ઉપયોગ કરીને નકશીકામ કરવા કહેવું.

CG – 3
C – 2.2
LO– 03 AE 12

- કાગળની વચ્ચેની બંધ બાજુ પૂરેપૂરી કપાઇ ન જાય તેનું ધ્યાન રાખવું, નહીંતર કાગળના ટુકડા થઈ નકશી છુટી પડી જશે.



**પગથિયું ૩:** કાતરથી કાપવું

- પેન્સિલથી દોરેલા આકારો પાસેથી હળવા હાથે કાતર વડે કાગળ કાપી લો.
- કાપેલા નાના ટુકડાઓ બાજુ પર કાઢી લો.



**પગથિયું ૪:** નકશી ખોલવી

- હવે ધીમેથી કાગળની ઘડીઓ ખોલો.
- તમને કાગળ પર એક સુંદર, એકસરખી અને ચક્રાકાર નકશી જોવા મળશે!

**પગથિયું ૫:** નકશીવાળો કાગળ ચોંટાડવો

- તૈયાર થયેલી નકશીવાળો કાગળ નોટબુકમાં ચોંટાડો..



અહીં આપણે કાગળની ચોરસ ઘડી વાળીને નકશી તૈયાર કરી. પરંતુ તમે કાગળની જુદા-જુદા પ્રકારે ઘડી વાળીને સુંદર નકશી તૈયાર કરો અને તેને રંગીન કાગળ પર ચોંટાડો.

## મારી કૃતિ

૧) પાંચ જુદા-જુદા પ્રકારની રેખાઓનો ઉપયોગ કરીને તમારી નોટબુકના પાનાની કિનાર પર એક સુંદર બૉર્ડર તૈયાર કરો.
૨) વિવિધ છાપ પાડીને એક સુંદર શુભેચ્છા પત્ર ભેટકાર્ડ તૈયાર કરો.
૩) એક ત્રિકોણ દોરીને તેમાં એક નકશી તૈયાર કરો. તેમાં ફક્ત હળવા રંગ પૂરો.
૪) જૂના વર્તમાનપત્રોમાંથી માત્ર જાહેરાતોવાળા રંગીન ભાગ પસંદ કરો. તેના તમારા હાથ વડે જ નાના ગોળ ટુકડા કરો. આ ગોળ ટુકડાઓને એક સીધી રેખામાં ચોંટાડીને રંગબેરંગી 'મણકાની માળા' તૈયાર કરો.
૫) કાગળમાંથી પાંચ ત્રિકોણ અને પાંચ વર્તુળ કાપો. આ આકારોનો ઉપયોગ કરીને અનેક પ્રકારની જુદી-જુદી નકશી તૈયાર કરી, તેને નોટબુકમાં ચોંટાડો.

- વર્ગમાં બાળકોએ તૈયાર કરેલા નકશીકામનું પ્રદર્શન ગોઠવવું.

CG – 2, 3, 4
C–2.1,2.2,3.1,3.2,4.1
LO–03AE12/13/16/21/23/14/18

# ૨. અક્ષરોની દુનિયામાં

નીચે આપેલાં સુંદર હસ્તાક્ષરના નમૂના જુઓ. કેટલા સરસ, મરોડદાર,સુવાચ્ય અને સુંદર અક્ષરો છે, કેટલા સુંદર દેખાય છે ને.. આપણે પણ આવા જ મરોડદાર અને સુંદર અક્ષર કરવા માટે અક્ષર લેખનનો મહાવરો કરીએ.

सह्याद्रीच्या कडेकपारी ।
भव्य आमची देवनागरी ॥

**મને ખૂબ ગમતી મારી શાળા;**
**લડાવે લાડ, જેમકે મારી મા.**

| |
|---|
| **સુંદર હસ્તાક્ષર એક કળા છે,**<br>**જેને કોઇપણ મહાવરા દ્વારા આત્મસાત કરી શકે છે.** |

### અક્ષરલેખનનો મહાવરો કરીએ



સુંદર હસ્તાક્ષર માટે અક્ષરોના અવયવોનો મહાવરો કરવો જરૂરી છે. અહીં કેટલાક અક્ષરોના વળાંક બતાવ્યા છે. આ અક્ષરોના વળાંક કયા ક્રમમાં અને કેવી રીતે કાઢવા તે દર્શાવ્યું છે. તે પ્રમાણે અક્ષરોના વળાંકોનો મહાવરો કરો.

સરસ! હવે આ અક્ષરોના વળાંકોનો વધુ મહાવરો તમારી બે લીટીની (ડબલ લાઇનની) નોટબુકમાં કરો અને તમારા શિક્ષકોને બતાવો.

- વિવિધ અક્ષરોના અવયવ અને તેમના વળાંકનુ પ્રત્યક્ષીકરણ કરાવવું.
- વિદ્યાર્થીઓ યોગ્ય દિશામાંથી અક્ષરોના વળાંક કરે છે કે નહીં, તેની ખાતરી કરવી.
- નોટબુકમાં અક્ષરોના વળાંકોનો મહાવરો કરવા કહેવું.

CG – 3
C – 1.2
LO – 03 AE 5

## અક્ષરના અવયવોથી અક્ષરો તરફ

આપણે અક્ષરોના અવયવો (વળાંકો) શીખ્યા અને તેનો મહાવરો પણ કર્યો છે. હવે આ અવયવોથી અક્ષર કેવી રીતે બને તે શીખીએ અને તેનો મહાવરો કરીએ.

ડબલ લાઈનની નોટબુકમાં અક્ષર લેખનનો વધુ મહાવરો કરો અને તમારા શિક્ષકને બતાવો.

### નમૂના તરીકે કેટલાક અક્ષરો

અ આ ઇ ઈ ઉ ઊ

એ ઐ ઓ ઔ અં અઃ

ક ખ ગ ઘ ચ છ

જ ઝ ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન પ

ફ બ ભ મ ય ર

લ વ શ ષ સ હ ળ ક્ષ જ્ઞ

## અક્ષરથી શબ્દ તરફ

અક્ષરો લખતા શીખ્યા, હવે અક્ષરો વડે સુંદર હસ્તાક્ષરમાં શબ્દો લખીએ.

ભારત, પુસ્તક, મહારાષ્ટ્ર, અભિનવ

આ પ્રમાણે તમે કોઈપણ વીસ શબ્દો સુંદર હસ્તાક્ષરમાં લખો.

- અક્ષરોના અવયવો પરથી અક્ષરો લખવાની પદ્ધતિ પ્રત્યક્ષીકરણ દ્વારા દર્શાવવી.
- અક્ષરો વડે લેખન કરવાનો મહાવરો કરાવી લેવો.
- નોટબુકમાં સુંદર હસ્તાક્ષરમાં વિવિધ શબ્દો, વાક્યો લખવા માટે પ્રોત્સાહન આપવું.

CG – 1
C – 1.2
LO – 03 AE 5

## સુંદર અક્ષરોમા લખી શુભેચ્છા પત્ર તૈયાર કરીએ!

નીચે નમૂના તરીકે કેટલાક શુભેચ્છા પત્રો અને આમંત્રણપત્રિકા આપેલા છે, તેમનું નિરીક્ષણ કરો. તમે પણ વિવિધ આમંત્રણ પત્રિકાઓનો સંગ્રહ કરો. આ સંગ્રહમાં અક્ષરોના વળાંક જુઓ. તમારી પસંદગી મુજબ એક શુભેચ્છા પત્ર તૈયાર કરીને સુંદર અક્ષરોમાં લખીને શિક્ષકોને બતાવો.










## વિવિધ માધ્યમો દ્વારા અક્ષર લેખન

અક્ષર લેખન કરવા માટે પેન્સિલ, શાહીપેન, બૉલપેન, સ્કેચપેન, ઑઇલ પેસ્ટલ (ક્રેયોન્સ) જેવા વિવિધ માધ્યમોનો ઉપયોગ કરી શકાય.

પેન્સિલ – 


શાહી પેન – 


બૉલ પેન – 


સ્કેચ પેન – 


ઑઇલ પેસ્ટલ (ક્રેયોન) – 


## મારી કૃતિ

૧. વર્તમાનપત્રો તેમજ પુસ્તકોમાંથી સુવિચારોનો સંગ્રહ કરો અને તે સુવિચારો તમારી નોટબુકમાં સુંદર અક્ષરોમાં લખો.

૨. વિવિધ લેખન સાહિત્યની મદદથી તમારું પોતાનું નામ નોટબુકમાં લખો.
દા.ત. પેન્સિલ, શાહીપેન, બૉલ પેન, સ્કેચ પેન, ઑઇલ પેસ્ટલ

- આમંત્રણ પત્રિકા અને શુભેચ્છા પત્રના નમૂના બતાવવા.
- આમંત્રણ પત્રિકા અને શુભેચ્છા પત્રનો સંગ્રહ કરવા કહેવું.
- શુભેચ્છા પત્રમાં અક્ષરના વિવિધ વળાંકોના ઉપયોગ કરવા કહેવું.
- વિવિધ માધ્યમો દ્વારા અક્ષર લેખનનું પ્રત્યક્ષીકરણ કરી બતાવવું.

CG – 1
C – 1.2
LO – 03 AE 4,5

# ૩. મારું ચિત્ર, મારી કલ્પના

ગઈકાલે શું બન્યું તે આજે આપણે યાદ કરીને કહી શકીએ છીએ. તેમજ આપણે જોયેલા પ્રસંગ, વસ્તુ અને અનુભવનું વર્ણન કરી શકીએ છીએ. આ ઉપરાંત તે પ્રસંગને યાદ કરીને તેનું ચિત્ર પણ દોરી શકીએ છીએ. આવી રીતે યાદ કરીને દોરેલા ચિત્રને જ 'સ્મરણચિત્ર' (મેમરી ડ્રોઇંગ) કહે છે. સ્મરણચિત્ર એટલે યાદ કરીને દોરેલું ચિત્ર.

સ્મરણચિત્ર દોરવા માટે તમારે રેખાઓ અને આકારો સાથે દોસ્તી કરવી પડશે, જેનો મહાવરો તમે નકશીકામ કરતી વખતે કર્યો જ છે. તો ચાલો, હજુ થોડો વધુ મહાવરો કરીએ અને સુંદર સ્મરણચિત્રો દોરીએ.

**હવામાં રેખાંકન–** તમારા મનપસંદ ફૂલ અથવા ફળનો આકાર હવામાં આંગળી વડે દોરી જુઓ. હવે એ જ આકાર કાગળ પર પેન્સિલથી દોરો.

**મુક્ત રેખા –** કાગળ પર અટક્યા વિના સતત ગોળાકાર, સર્પાકાર અને ત્રાંસી રેખા દોરો. આ રેખાઓમાંથી તમને કોઈ ચહેરો કે પર્વત જેવો આકાર દેખાય છે કે તે જુઓ.

**માણસોના ચિત્રો –** માનવનું હલનચલન દર્શાવવા માટે (બેસવું/ચાલવું/દોડવું/નાચવું) સરળ રેખાઓના માધ્યમથી દોરેલા સ્ટીક ફિગર્સ (લાકડી-ચિત્રો) જોઈને આવી કેટલીક માનવ આકૃતિઓ દોરવાનો મહાવરો કરો.









## નૈસર્ગિક અને માનવસર્જિત ઘટકોના સહેલાં રેખાંકનો

આપણી આસપાસ વિવિધ પ્રકારની વસ્તુઓ અને ઘટકો જોવા મળે છે. આમાંથી કેટલાક ઘટકો નિસર્ગનિર્મિત હોય છે, તો કેટલાક માનવસર્જિત હોય છે.

નૈસર્ગિક ઘટકો – જેમ કે ઝાડ, પાંદડા, ફૂલ, પક્ષી, પ્રાણી, પર્વત, નદી વગેરે.

માનવસર્જિત ઘટકો – જેમ કે ઘર, ગાડી, પુસ્તક, સંગણક, બૅટ, પ્યાલો વગેરે.

આ સિવાય તમે જોયેલા પાંચ નૈસર્ગિક ઘટકો અને પાંચ માનવસર્જિત વસ્તુઓની યાદી બનાવો.

- બાળકોના અનુભવ જગતની વસ્તુઓ, ફળોના નામ બોલીને તેમને હવામાં તેના આકાર દોર-વા માટે પ્રોત્સાહિત કરવા.
- સ્ટીક ફિગર્સ (લાકડી-ચિત્રો) દોરવા માટેની કેટલીક કૃતિઓના નામ જણાવવા અને મહાવરો કરવાની તક આપવી.

CG – 1,2
C – 1.2, 2.1
LO – 03 AE 2,7,15

**નિસર્ગનિર્મિત** | **માનવસર્જિત ઘટક**

| નિસર્ગનિર્મિત | માનવસર્જિત ઘટક |
|---|---|
| ........................ | ........................ |
| ........................ | ........................ |
| ........................ | ........................ |
| ........................ | ........................ |
| ........................ | ........................ |

ઉપરની યાદીમાંથી તમારી પસંદગી મુજબ તમે જોયેલા એક નૈસર્ગિક ઘટક અને એક માનવનિર્મિત ઘટકનું ચિત્ર નોટબુકમાં પેન્સિલથી દોરો.

ચિત્ર દોરતાં પહેલાં તે ઘટક અથવા વસ્તુની તમામ વિગતો યાદ કરો. તેનો આકાર, રચના, રંગ, સ્પર્શ વગેરે યાદ કરવાનો પ્રયત્ન કરો. ત્યાર પછી જ આ ઘટકનો મૂળ આકાર અને તેની તમામ વિગતોની બારીકાઇ રેખાંકિત કરો.

હવે તમે દોરેલા નૈસર્ગિક ઘટક અથવા વસ્તુઓના કેટલાક ચિત્રો તમારા શિક્ષક અને મિત્રોને બતાવો.

## પ્રસંગનું સ્મરણચિત્ર

હવે આપણે તમારા સ્મરણોમાંનું એક ચિત્ર દોરીએ. તમને તમારી શાળાનો પહેલો દિવસ તો યાદ જ હશે.

તો આપણે 'શાળાનો પહેલો દિવસ' વિષય પર સ્મરણચિત્ર દોરીએ.

**૧. યાદ કરીએ –** શાળાનો પહેલો દિવસ કેવો હતો? તમે શાળામાં કેવી રીતે આવ્યા હતા? શાળાની ઇમારત અને વર્ગખંડ યાદ આવે છે ? શાળામાં તમારું સ્વાગત કેવી રીતે થયું હતું? તમને શાળામાં મૂકવા કોણ આવ્યું હતું? શાળાનું પરિસર કેવું હતું? શાળામાં આવતી વખતે તમને કેવું લાગતું હતું? આમાંથી કઈ બાબતો તમને સ્પષ્ટપણે યાદ છે તે નક્કી કરો. તે ઘટક કયા ભૌમિતિક આકાર જેવો દેખાય છે, તે નક્કી કરીને તેનું રેખાંકન કરો.

**૨. મુખ્ય આકૃતિની રચના –** ચિત્રની મધ્યમાં તમારી પોતાની અથવા મિત્રની આકૃતિ દોરો. પેન્સિલથી મુખ્ય આકૃતિની રચના, ચિત્રના મહત્વના ઘટકો અને તે ઘટકોની કાચી આકૃતિઓ દોરો.

**૩. ઝીણવટભરી વિગતો –** ચિત્રના તમામ ઘટકોની રચના નક્કી થયા પછી, યાદશક્તિ પ્રમાણે ઝીણી ઝીણી વિગતો રેખાંકિત કરો જેમ કે, શાળાની દીવાલ, શાળાના મુખ્ય દરવાજા પર લગાવેલું તોરણ, સ્વાગતનું બૉર્ડ વગેરે.

**૪. રંગકામ –** સ્મરણચિત્ર દોરવાનું પૂર્ણ થયા પછી તેમાં રંગ પૂરો. સ્મરણચિત્રમાં આપણે જે જોયું છે, તે તેવું જ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તમારા મનપસંદ રંગ પૂરીને ચિત્ર પૂર્ણ કરો.

- નિસર્ગનિર્મિત/માનવનિર્મિત ઘટકોનું વર્ણન કરતી વખતે તેની દશ્ય વિગતો જણાવવા માટે પ્રોત્સાહિત કરવા.
- વર્ણન મુજબ ચિત્રમાં ઝીણવટભરી વિગતો દર્શાવવા માટે પ્રેરિત કરવા.

CG – 1
C – 1.1
LO – 03AE02

નીચે આપેલા બંને ચિત્રો જુઓ અને તેમની વચ્ચેનો તફાવત સમજો.

આમાંનું એક ચિત્ર સ્મરણચિત્ર છે અને બીજું કલ્પનાચિત્ર છે. સ્મરણચિત્રમાં આપણે જોયેલા પ્રસંગ, વસ્તુ કે ઘટકને તે જેવા છે તેવા જ રેખાંકિત કરવાનો અને રંગવાનો પ્રયત્ન કરીએ છીએ.





.................................................. ..................................................

**કલ્પનાચિત્ર** સ્મરણચિત્ર કરતાં જુદું હોય છે. તે ચિત્રમાં નવીન અને વાસ્તવિકતા કરતાં જુદા ઘટકો જોવા મળે છે. આ ચિત્રમાં આપણે આપણા મનની અનોખી કલ્પનાઓ દર્શાવી શકીએ છીએ. આપણા મનમાં આવતી રમુજી કલ્પનાઓ ચિત્ર દ્વારા રજૂ કરવામાં આવે, તે ચિત્રને કલ્પનાચિત્ર કહેવામાં આવે છે.

ઉપરના બંને ચિત્રોમાંથી કયું સ્મરણચિત્ર છે અને કયું કલ્પનાચિત્ર છે તે ઓળખીને તે ચિત્રની નીચે લખો.

**એક અનોખું કલ્પનાચિત્ર દોરીએ**

જે વસ્તુઓ પ્રત્યક્ષ હોતી નથી પરંતુ આપણે જેનો વિચાર કરી શકીએ, તેવા કલ્પના પર આધારિત ચિત્રને કલ્પનાચિત્ર કહે છે. પક્ષીઓને જેમ પાંખો હોય તેમ આપણને પાંખો હોતી નથી. પણ જો તમને પાંખ હોત તો?

ચાલો તો પછી, આપણે 'જો મને પાંખો હોત તો...' વિષય પર કલ્પનાચિત્ર દોરીએ.

**નીચે આપેલા ચિત્ર તબક્કાવાર દોરો.**

**૧. કલ્પના કરો-** જો મને પાંખો હોત તો મેં રોજિંદા જીવનમાં શું શું કર્યું હોત? હું શાળાએ કેવી રીતે આવ્યો હોત? પક્ષીઓની જેમ ઝાડ પર, પર્વત પર ઊડીને ગયો હોત? શું હું ચંદ્ર પર ગયો હોત? પાંખો વડે ઊડીને બીજુ શું શું કર્યું હોત? તમારી પાંખો કયા રંગની હોત તેની કલ્પના કરો. કલ્પના કરેલા પ્રસંગોમાંથી તમારી મનપસંદ કલ્પના નક્કી કરો.

- બાળકોને માનવ આકૃતિ દોરતી વખતે સ્ટીક ફિગર દોરીને તેને પૂર્ણ આકૃતિ તરફ લઈ જવાનો મહાવરો કરાવવો.
- સ્મરણચિત્ર અને કલ્પનાચિત્ર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો.

CG – 1
C – 1.1
LO – 03AE03

**૨. મુખ્ય આકૃતિ –** ચિત્રની મધ્યમાં પેન્સિલથી તમારી કલ્પના મુજબની ઝાંખી આકૃતિ રેખાંકિત કરો.

તમારી કલ્પના મુજબની અન્ય પૃષ્ઠભૂમિની વિગતો ચિત્રમાં ઝીણવટપૂર્વક દોરો. દા.ત. પર્વત, વાદળ, ચંદ્ર, મેઘધનુષ્ય જેવી કલ્પના મુજબની પૃષ્ઠભૂમિ રેખાંકિત કરો.

**૩. કલ્પનામાં બધું (કંઈપણ) શક્ય હોય છે!** ઝાડ પર ફૂલોને બદલે ચોકલેટ લટકેલી દર્શાવો અથવા વાદળોમાંથી પાણીને બદલે રંગબેરંગી પીપર વરસતી દર્શાવો. તમે આવી કોઈ પણ કલ્પના કરી શકો છો.

**૪. રંગકામ –** કલ્પનાચિત્રમાં તમને ગમતા કોઈ પણ અનોખા રંગો તમે પૂરી શકો છો.

તમારું કલ્પનાચિત્ર મિત્રો અને શિક્ષકને બતાવો અને તમારા ચિત્રની કલ્પના વિશે ચર્ચા કરો.

**ધ્યાનમાં રાખો :**

કલ્પનાચિત્રમાં રંગોનું કોઈ બંધન હોતું નથી. તમે તમારી પોતાની એક અલગ દુનિયા તૈયાર કરી શકો છો. દા.ત. જાંબલી રંગનું ઘાસ, ગુલાબી રંગનું આકાશ દોરી શકો છો.

## મારી કૃતિ

૧) તમને ગમતા પ્રાણીનું ચિત્ર દોરો.
૨) કોઈ પણ એક તહેવારનું ચિત્ર દોરો.
૩) 'આકાશમાં ઊડતી મારી ગાડી' વિષય પર કલ્પનાચિત્ર દોરો.
૪) 'મારા સપનાની પરી' વિષય પર કલ્પનાચિત્ર દોરો.

- વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિને ખીલવે તેવા પ્રશ્નો પૂછી તેમને કલ્પનાચિત્રો દોરવા અને તેમાં રંગ પૂરવા માટે પ્રેરિત કરવા.

CG – 1
C – 1.1
LO – 03AE03,4

# ૪. વસ્તુઓની દુનિયામાં

દૈનિક જીવનમાં આપણે અનેક વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. ઘરમાં, શાળામાં, પરિસરમાં અનેક નાની-મોટી વસ્તુઓ આપણને જોવા મળે છે. વસ્તુઓનો ઉપયોગ કરતી વખતે આપણને તે વસ્તુઓની વિશેષતાઓનો ખ્યાલ આવતો હોય છે. જેમ કે-તેમનો આકાર, જાડાઈ, લંબાઈ, પહોળાઈ, રંગ અને તેમનું પોત વગેરે.

વસ્તુનું ચિત્ર દોરવા માટે સૌ પ્રથમ તે વસ્તુનું બારીકાઈથી નિરીક્ષણ કરીને તેની વિશેષતા જાણી લેવી જરૂરી બને છે. વસ્તુનું નિરીક્ષણ કરીને તેમની વિશેષતાઓ જાણીએ. વસ્તુનો આકાર, તે વસ્તુમાં છુપાયેલા ભૌમિતિક આકારો, તેના માટે જરૂરી રેખાઓ, તેનો રંગ તેમજ તેનું પોત વગેરે.

## આકાર અને વસ્તુ

તમારા પરિસરની વસ્તુઓનું નિરીક્ષણ કરો અને નીચે આપેલા ભૌમિતિક આકારો અનુસાર તેમનું જૂથ બનાવીને વસ્તુઓના નામ લખો.

| ચોરસ વસ્તુઓ | ત્રિકોણાકાર વસ્તુઓ | ગોળાકાર વસ્તુઓ | અનેક ભૌમિતિક આકાર ધરાવતી વસ્તુઓ |
|---|---|---|---|
| .................... | .................... | .................... | .................... |
| .................... | .................... | .................... | .................... |
| .................... | .................... | .................... | .................... |
| .................... | .................... | .................... | .................... |

## વસ્તુમાં છુપાયેલા ભૌમિતિક આકારો શોધીએ.

ચિત્રમાં આપેલી વસ્તુઓનું નિરીક્ષણ કરો. તેમાં છુપાયેલા ભૌમિતિક આકારો શોધીને બાજુમાં આપેલા ખાનામાં દોરો.





તમને વસ્તુઓનું નિરીક્ષણ કરીને તેમાં રહેલા ભૌમિતિક આકારો શોધતા આવડી ગયું છે. હવે તમે વસ્તુચિત્ર ખૂબ જ સહેલાઈથી દોરી શકશો.

- વસ્તુ અને તેમાં રહેલા ભૌમિતિક આકારો ઓળખવા માટે પ્રશ્નો પૂછવા.

CG-૧
C-૧.૧
LO-૦૩AE૦૧

## આ વસ્તુઓનું ચિત્ર દોરીએ

અહીં રાખેલી બે વસ્તુઓનું વસ્તુચિત્ર તબક્કાવાર દોરીએ.

૧. સૌપ્રથમ વસ્તુઓનું નિરીક્ષણ કરો.
૨. તે વસ્તુઓમાં છુપાયેલા ભૌમિતિક આકારો શોધો.
૩. તે બંને વસ્તુઓના એકબીજા સાથેના કદનો તફાવત અને પ્રમાણ ધ્યાનમાં લો.
૪. વસ્તુના બાહ્ય આકારમાં છુપાયેલા ભૌમિતિક આકારોનું રેખાંકન કરો.
૫. વસ્તુની વિશેષતાઓ મુજબ રેખાઓની મદદથી તે આકારને યોગ્ય વળાંક આપીને રેખાંકન પૂરું કરો.
૬. વસ્તુઓની બારીક વિગતોનું રેખાંકન કરો.
૭. તૈયાર થયેલા રેખાંકન તમને ગમતા રંગ માધ્યમથી રંગીને પૂરું કરો. દા.ત. ઓઈલ પેસ્ટલ, જળરંગ (વૉટર કલર) વગેરે.



## છાપ પાડીને વસ્તુચિત્ર રંગીએ.

તમે વસ્તુચિત્ર દોરીને તેમાં ખૂબ સરસ રંગો પૂર્યા. પણ શું તમે જાણો છો કે, આપણે વસ્તુચિત્રને છાપ પાડીને પણ સુંદર રીતે રંગી શકીએ છીએ? અગાઉ આપણે નકશીકામ માટે વિવિધ પ્રકારે છાપ પાડી હતી તે યાદ છે ને! તો ચાલો, હવે છાપકામનો ઉપયોગ કરીને ચિત્ર રંગીએ.

૧. તમારા વર્ગખંડની કોઈપણ એક વસ્તુનું રેખાંકન કરો. દા.ત. દફતર, ડબ્બો, પુસ્તક, પેન વગેરે.
૨. છાપ પાડવા માટે તે વસ્તુના રંગ મુજબ જળરંગોની પસંદગી કરો.
૩. પસંદ કરેલા વસ્તુચિત્રને રંગવા માટે તમે શેની છાપ પાડવાના છો તે નક્કી કરો. જેમ કે, આંગળીની છાપ, ભીંડાની છાપ, કાંદાની છાપ, પાનની છાપ વગેરે.

- છાપકામની સંકલ્પના સમજાવવી અને તેનો ઉપયોગ કરીને પ્રત્યક્ષીકરણ દ્વારા વસ્તુના રેખાંકન પર છાપ પાડીને બતાવવી.

CG – 2,3
C – 2.2, 3.1
LO – 03AE11,16

૪. પસંદ કરેલી સામગ્રીનો ઉપયોગ કરીને વિવિધ રંગછટાની મદદથી છાપકામ કરીને ચિત્ર પૂરું કરો.
૫. તમારું ચિત્ર બીજા મિત્રોને બતાવી તમારા અનુભવનું વર્ણન કરો.

### કૉલાજના માધ્યમથી વસ્તુચિત્ર

છાપકામ દ્વારા તમે વસ્તુચિત્ર ખૂબ સરસ રીતે રંગ્યુ. હવે આપણે વસ્તુચિત્ર રંગવાની બીજી એક પદ્ધતિ 'કૉલાજ' શીખીએ. નકશીકામમાં પણ આપણે કૉલાજ કામ કરેલું છે.



કૉલાજ કામ કરીને વસ્તુચિત્ર તૈયાર કરવા માટે નીચેના તબક્કાઓનો ઉપયોગ કરો.

૧. પસંદ કરેલી વસ્તુનું કાગળ પર શોભે તેટલા, સપ્રમાણ મોટા કદમાં બાહ્ય રેખાંકન કરો.
૨. વસ્તુના રંગ મુજબ ચોંટાડવા માટે રંગીન કાગળ અને ગુંદર લો.
૩. વસ્તુના રંગ પ્રમાણે રંગીન કાગળના હાથેથી નાના-નાના ટુકડા કરો.
૪. તૈયાર કરેલા ટુકડાઓને વસ્તુના રેખાંકન પર ચોંટાડીને કૉલાજના માધ્યમથી ચિત્ર પૂર્ણ કરો.

## મારી કૃતિ

- ઘરની કોઈપણ બે વસ્તુઓ એકબીજાની નજીક મૂકો, તેનું પ્રમાણબદ્ધ વસ્તુચિત્ર દોરીને તેમા રંગ પૂરો.
- તમને ગમતી વસ્તુનું ચિત્ર દોરીને તેને છાપ પાડીને રંગો.
- કોઈપણ એક વસ્તુનું વસ્તુચિત્ર દોરીને તેને કૉલાજ પદ્ધતિથી પૂરું કરો.

- કૉલાજની સંકલ્પના સમજાવવી. કૉલાજના વિવિધ નમૂના બતાવીને કૉલાજનો ઉપયોગ કરીને વસ્તુચિત્ર તૈયાર કરવા માટે પ્રોત્સાહિત કરવા.

CG – 3
C – 3.1
LO – 03AE18

# ૫. ત્રિપરિમાણીય કલાકૃતિ

નીચે આપેલા બંને ફોટા જુઓ. આ બંનેમાં તમને શું તફાવત દેખાય છે તે વિશે ચર્ચા કરો.

૧.



૨.



ચિત્રને બે બાજુ એટલે કે લંબાઈ અને પહોળાઈ હોય છે. બે બાજુ ધરાવતી કલાકૃતિને દ્વિપરિમાણીય કલાકૃતિ કહે છે. તમે દોરેલું ચિત્ર દ્વિપરિમાણીય કલાકૃતિ છે. હવે આપણે ત્રિપરિમાણીય કલાકૃતિ તૈયાર કરવાની છે. ત્રિપરિમાણીય એટલે જેને ત્રણ બાજુ હોય-લંબાઇ, પહોળાઇ અને જાડાઇ. ત્રિપરિમીણીય કલાકૃતિને 'શિલ્પ' પણ કહેવાય છે.

## નૈસર્ગિક ઘટકોમાંથી ત્રિપરિમાણીય કલાકૃતિ

ઘોડાનું શિલ્પ જોઈને તે શેમાંથી બનાવવામાં આવ્યું છે તે ઘટકોના નામ લખો.






...................... ...................... ...................... ......................

આવી રીતે આપણે વિવિધ નૈસર્ગિક ઘટકોમાંથી ત્રિપરિમાણીય રચના (શિલ્પ) તૈયાર કરી શકીએ છીએ. દા.ત. કાગળ, માટી, લાકડું. આ ઘટકોને 'માધ્યમ' કહેવામાં આવે છે.

આ માધ્યમો સિવાય આપણા પરિસરમાંથી બીજા કયા માધ્યમો દ્વારા ત્રિપરિમાણીય રચના (શિલ્પ) તૈયાર કરી શકાય તેની યાદી બનાવો

................. ................. .................

................. ................. .................

................. ................. .................

- પરિસરમાં ઉપલબ્ધ માધ્યમો અને સાધનોનું સંકલન કરવું.
- સંકલિત સાહિત્યનો ઉપયોગ કરીને ત્રિપરિમાણીય રચનાના નિર્માણનું પ્રત્યક્ષીકરણ કરી બતાવવું.
- સંકલિત સાહિત્યમાંથી ત્રિપરિમાણીય રચના કરવાનું જણાવીને કલાકૃતિનું વર્ણન કરવા પ્રેરિત કરવા.

CG – 3
C – 3.1
LO – 03AE19

તમે તૈયાર કરેલી યાદીના માધ્યમમાંથી કઈ ત્રિપરિમાણીય કલાકૃતિ બનાવી શકાય તે લખો

| માધ્યમ | કલાકૃતિનું નામ |
|---|---|
| ................. | ................. |
| ................. | ................. |
| ................. | ................. |
| ................. | ................. |
| ................. | ................. |

**ચાલો, ગાડી બનાવીએ.**

તમારા પરિસરમાં ઉપલબ્ધ માધ્યમોમાંથી તમને ગમતી ગાડીનું ત્રિપરિમાણીય શિલ્પ તૈયાર કરો.

**બે માધ્યમોની મદદથી ત્રિપરિમાણિય રચના**

તૈયાર કરેલું ત્રિપરિમાણીય શિલ્પ બતાવો અને તે બનાવતી વખતે તમને થયેલા અનુભવો વિશે વર્ગખંડમાં ચર્ચા કરો.

આપણે એકને બદલે બે માધ્યમોનો ઉપયોગ કરીને ત્રિપરિમાણીય રચના (શિલ્પ) તૈયાર કરીએ.

- એના તમારા પરિસરમાં ઉપલબ્ધ કોઈપણ બે પર્યાવરણપૂરક માધ્યમો પસંદ કરો.
- તે બંને માધ્યમોમાંથી એક સુંદર ઘરની પ્રતિકૃતિ તૈયાર કરો.
- તૈયાર કરેલી ઘરની ત્રિપરિમાણિય પ્રતિકૃતિ તમારા વર્ગના મિત્રો અને શિક્ષકોને બતાવો.

## મારી કૃતિ

**યાદ રાખો :**
પર્યાવરણપૂરક માધ્યમો એટલે એવા માધ્યમો જેનાથી પર્યાવરણ દૂષિત થતું નથી, પર્યાવરણને નુકસાન થતું નથી.

- તમારા પરિસરમાં ઉપલબ્ધ માધ્યમોમાંથી પ્રાણી અથવા પક્ષીની પ્રતિકૃતિ એટલે કે ત્રિપરિમાણીય શિલ્પ તૈયાર કરો.
- તમારી શાળામાં જૂથ બનાવીને પર્યાવરણપૂરક વસ્તુઓ કે ઘટકોના માધ્યમથી એક શિલ્પ તૈયાર કરો. દા.ત. કિલ્લો, રોબોટ (યંત્રમાનવ) વગેરે.

- પરિસરમાં ઉપલબ્ધ માધ્યમો અને સાધનોનું સંકલન કરવું.
- સંકલિત સાહિત્યનો ઉપયોગ કરીને ત્રિપરિમાણીય રચનાના નિર્માણનું પ્રત્યક્ષીકરણ કરીને બતાવવું.
- સંકલિત સાહિત્યમાંથી ત્રિપરિમાણીય રચના કરવા જણાવીને કલાકૃતિનું વર્ણન કરવા પ્રેરિત કરવા.

CG – 3
C – 3.1
LO – 03AE19, 20,17


રંગમંચ

# ૬. ચાલો, અભિનય કરીએ

નિસર્ગમાં અનેક પ્રકારના પ્રાણીઓ અને પક્ષીઓ જોવા મળે છે. દરેક પ્રાણી અને પક્ષીનો અવાજ જુદો હોય છે. તેમની હાલચાલ પણ જુદી-જુદી હોય છે. શું તમે કોઇ પશુપક્ષીઓનો અવાજ કાઢી શકો છો?

**રમતની મજા માણીએ.**

**નીચેના ચિત્રોમાં આપેલા પશુપક્ષીઓના અવાજની નકલ કરો.**










**કહો, એ કોણ છે?**

આ રમતમાં આપણે આપણા પરિસરના પ્રાણીઓ અને પક્ષીઓના અવાજની નકલ કરવાના છીએ. તે અવાજ કોનો છે, તે ઓળખવાના છીએ. તમે તમને ખબર હોય તેવા પ્રાણી-પક્ષીઓનો અવાજ કાઢો.

હવે વર્ગના દરેક વિદ્યાર્થી વર્તુળાકારમાં બેસો. તમારામાંથી એક જણે કોઈ પ્રાણી અથવા પક્ષીનો અવાજ કાઢવો. બાકીના વિદ્યાર્થીઓએ તે પ્રાણી કે પક્ષી કયું છે, તે ઓળખવું. જે સાચો જવાબ આપે, તેને બીજો અવાજ કાઢવાની તક આપવી.

હવે આપણે ચિત્રોમાં આપેલા પશુપક્ષીઓની હાલચાલની પણ નકલ કરીએ.






- વિવિધ પ્રાણી-પક્ષીઓના ચિત્રો બતાવીને તેમના અવાજ અને હાલચાલની નકલ કરવાની તક આપવી.
- દરેક વિદ્યાર્થી સહભાગી થાય તે જોવું.
- આપેલી રમત પ્રત્યક્ષ રમવાની તક આપવી

CG – 4,1
C – 1.1
Lo – 03AE26
03AE27

## વસ્તુઓના વિવિધ અવાજની ગમ્મત!

આપણે જુદાં જુદાં પક્ષીઓ અને પ્રાણીઓના અવાજ કાઢ્યા અને ઓળખ્યા પણ ખરા. દરેક વસ્તુનો અવાજ જુદો હોય છે. હવે આવી બીજી કઈ વસ્તુઓનો અવાજ તમે સાંભળ્યો છે, તેની યાદી તૈયાર કરો.

.................................... .................................... ....................................

.................................... .................................... ....................................

.................................... .................................... ....................................

.................................... .................................... ....................................

## અવાજની રમત :

એક વિદ્યાર્થીની આંખે રૂમાલ બાંધો. વર્ગની કોઈપણ એક વસ્તુ વગાડો. (જેમ કે, કંપાસ ખોલવો, દરવાજો ખોલવો) આંખે રૂમાલ બાંધેલા વિદ્યાર્થીએ તે અવાજ શેનો છે તે ઓળખવું. જો તે અવાજ ઓળખી શકે, તો આગળના વિદ્યાર્થીની આંખે રૂમાલ બાંધીને તેને અવાજ ઓળખવાની તક આપવી. જો બે તક આપ્યા પછી પણ તે અવાજ ન ઓળખી શકે, તો તેને કોઈપણ પ્રાણી/પક્ષીના અવાજ અથવા હાલચાલની નકલ કરવા કહેવું.



- આપેલા ક્યુ. આર. કોડના અવાજ વિદ્યાર્થીઓ બરોબર ઓળખે છે કે નહીં, તે ચકાસવું.
- વિદ્યાર્થીઓને વિવિધ વસ્તુઓના અવાજ કરવા કહી મહાવરો કરાવવો.
- વિવિધ વસ્તુઓના અવાજની યાદી કરવા કહેવું.
- અવાજની રમત રમતી વખતે દરેક વિદ્યાર્થીને તક મળે તેની તકેદારી રાખવી

CG – 4,1
C – 1.1
Lo – 03AE28

## લોકોની નકલ કરવી

આપણા ઘરમાં અને આસપાસ વિવિધ ઉંમરના લોકો હોય છે. ચાલો, આ લોકોના અવાજ અને હાલચાલની નકલ કરીએ.

જેમ કે,

   

આ જ રીતે તમારા પરિસરના વ્યાવસાયિકો અને અન્ય લોકોની નકલ કરો.

**યાદ રાખો :** નકલ કરવી એ એક કૌશલ્ય છે, કળા છે. પરંતુ અન્ય લોકોને ચીડવવા માટે નકલ કરવી નહીં.

## નાટ્ય પ્રસંગ ભજવીએ.

આપણે પ્રાણીઓ, પક્ષીઓ અને વસ્તુઓના અવાજની નકલ કરી. કેટલાક લોકોના અવાજ અને હાલચાલની પણ નકલ કરી. તેનો ઉપયોગ કરીને આપણે કેટલાક નાના પ્રસંગો ભજવીએ.

નીચેના કેટલાક સંવાદો વાંચીને તેના પર આધારિત નાનો નાટ્ય પ્રસંગ રજૂ કરો.

**પ્રસંગ ૧. સવાર થઈ**

(પાત્રો : ચકલી, કાગડો, કૂકડો, માતા અને એક ઊંઘતો છોકરો)

આ પાત્રોની ભૂમિકા જૂથમાં વહેંચી લો અને નીચેના સંવાદ બોલી અભિનય કરો.

કૂકડો : કૂકડે કૂક... કૂકડે કૂક... અરે જાગો રે, જાગો. સવાર થઈ ગઈ!

ચકલી : ચીં... ચીં... ચીં... અરે જુઓ જુઓ, સૂરજ દાદા ઉપર આવી ગયા!

કાગડો : કા... કા... કા... ચાલો, ચાલો, કામે લાગો.

માતા : પ્રેમ, ઊઠ બેટા. તારા મિત્રો ક્યારનાય જાગી ગયા. તું ક્યારે ઊઠીશ?

છોકરો: મમ્મી, હા સાચે જ... કેટલા મધુર અવાજ છે. ચાલો, હું પણ ઊઠું છું. હવે શાળાની તૈયારી કરીએ. લાલલાલાલા લાલલાલાલા.

કેમ મજા પડી ને? હવે નીચે બીજા કેટલાંક પ્રસંગો આપ્યા છે. તેની જૂથમાં રજૂઆત કરો.

- વિવિધ પ્રકારના અવાજોની નકલ કરાવવી અને કયા અવાજો ક્યારે, કોના માટે વાપરી શકાય તે પૂછવું.
- કુટુંબની તેમજ પરિસરની વ્યક્તિઓની હાલચાલની નકલ કરવાની તક આપવી
- નાટ્ય પ્રસંગોનું પ્રસ્તુતિકરણ કરતી વખતે શરૂઆતમાં વાચિક અભિનય કરાવવો અને પછી પ્રસંગનું પ્રસ્તુતિકરણ કરાવવું.

CG – 1
C – 1.1
Lo – 03AE26

કહો જોઇએ, મજા આવી ને! નીચે બીજા કેટલાક પ્રસંગો  આપ્યા છે. જૂથમાં તેનું પ્રસ્તુતિકરણ કરો.

**પ્રસંગ ૨. રસોડામાં ગરબડ**

(પાત્રો : કુકર, નળ, થાળી અને માતા)

નળ : ટપ... ટપ... ટપ... મને કોઈ સરખી રીતે બંધ કરો ને!

કુકર : શશશશશ... શશશશશ... શાક ચઢી ગયું છે હોં કે!

થાળી : ખણણણ... ઓહ! મા, મને વાગ્યું!

માતા : અરે બાપ રે,આટલો બધો પથારો! અને આ થાળી નીચે કેવી રીતે પડી, કમાલ જ થઈ ગઈ  ભઈ! પહેલા કુકરનો ગેસ બંધ કરું છું. અરે, આ નળ પણ ચાલુ જ છે? થોભ રે, બંધ કરું છું ભઇ તને , તારું ટપ-ટપ નથી જોઈતું. હાશ!, હવે રસોડું જરા સારું દેખાય છે. હા... શ...

**પ્રસંગ ૩. છેકછાક કરશો નહીં**

(પાત્રો :  પેન્સિલ, ફૂટપટ્ટી, રબર, રફીક)

પેન્સિલ :  ખર.. ખર.. ખર.. એ રફીક, જરા સરખું લખ ને.

રફીક :    શું થયું, દુખે છે ? હું તો આમ જ લખું છું.

રબર :    છેક ... છેક... છેક... તે તો એવો જ છે, સરખું લખતો જ નથી ને! વારંવાર મારો ઉપયોગ કર્યા જ કરે છે.

પેન્સિલ:  અને મને લઈને ફરી-ફરી લખે છે.

ફૂટપટ્ટી :  મારો ઉપયોગ તો લીટીઓ દોરવા માટે ઓછો અને મારા-મારી કરવા માટે જ વધારે થાય છે.

રફીક :    ભલે ભાઈઓ, હવેથી હું  ધીમે ધીમે ધ્યાનથી સરસ, સુંદર અને સુવાચ્ય અક્ષરે લખીશ, બસ?

તમારા અન્ય પાઠ્યપુસ્તકોમાંથી અથવા વાર્તાના પુસ્તકોમાંથી આવા કેટલાંક નાના પ્રસંગો શોધીને જૂથમાં પ્રસ્તુતિકરણ કરો.

તમારા જૂથના પ્રસ્તુતિકરણ સમયે અન્ય વર્ગમિત્રો અને શિક્ષકોએ આપેલાં સૂચનોનો વિચાર કરીને ફરી પ્રસ્તુતિકરણ કરો.

- અન્ય પાઠ્યપુસ્તકો અથવા વાર્તાના પુસ્તકોમાંથી પ્રસંગો પસંદ કરીને પ્રસ્તુતિકરણનો મહાવરો કરાવવો. તે જ રીતે વિદ્યાર્થીઓને પ્રસંગ તૈયાર કરવાનું કહીને રજૂઆત કરવાની તક આપવી.
- પ્રસ્તુતિકરણનું નિરીક્ષણ કરી સૂચનાઓ આપવી અને તેનું પુનઃપ્રસ્તુતિકરણ કરાવવું.

CG - 1
C - 1.1
Lo - 03AE26,36

**નીચેનાં ચિત્રો જોઈને ઋતુઓના નામ ઓળખો અને લખો.**



.....................................................................



.....................................................................



.....................................................................

નીચે કેટલાંક ચિત્રો આપેલાં છે. તે ચિત્રો જોઈને આપણે કઈ ઋતુમાં કયો પોશાક પહેરવો જોઈએ, તેને લીટી દોરીને યોગ્ય જોડકાં જોડો.



| ચોમાસું | શિયાળો | ઉનાળો |

વિવિધ ઋતુઓમાં વપરાતા પોશાક વિશે ચર્ચા કરો.

- ત્રણેય ઋતુઓની વિશેષતા અને આ ઋતુઓમાં વપરાતાં કપડાં વિશે વર્ગમાં ચર્ચા કરવા કહેવું.

CG – 4
C – 4.1
Lo – 03AE40

## પ્રસંગ એક-ઋતુ અનેક

**પ્રસંગ:** શાળાની તૈયારી કરીને સવારે પગપાળા શાળાએ જતો રાજુ. આ ઘટના એક જ છે, પરંતુ તેમાં જુદી જુદી ઋતુઓમાં શું જુદાપણું હશે, તે નીચેનાં ચિત્રોમાં દર્શાવ્યું છે. તે અભિનય દ્વારા દર્શાવવાનું છે.





ઉપરની ઘટના એક જ હોવા છતાં જુદી જુદી ઋતુઓમાં તે કેવી હશે, તે અભિનય કરીને બતાવો.

## મારી કૃતિ

૧. સવારથી રાત સુધી ઘરમાં સંભળાતા અલગ-અલગ અવાજોનો મહાવરો કરીને વર્ગમાં મિત્રોને સંભળાવો. (ઉદા. સાઇકલની ઘંટડી, મિક્સરનો અવાજ, કુકરની સીટી).

૨. નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને એક વાદ્ય તૈયાર કરો. ઉદા. એક પ્લાસ્ટિકની બાટલીમાં થોડી કાંકરીઓ અથવા મણકા ભરો. બાટલી હલાવવાથી થતો અવાજ અનુભવો. 'શેકર' વાદ્ય તૈયાર થશે.

૩. નીચેના પાત્રોની ચાલવાની નકલ કરો.

૧) રૂઆબથી ચાલતો સિંહ　　૨) ગભરાયેલો ઉંદર

૩) રમીને થાકી ગયેલો છોકરો　　૪) ઘૂંટણભેર ચાલતું બાળક

૪) પ્રત્યક્ષ વેશભૂષા કરીને જૂથમાં આ પ્રસંગોની રજૂઆત કરો.

૧) ઉનાળો - ભર બપોરે બજારમાંથી શાકભાજીની થેલીઓ ઊંચકીને ઘરે આવવું.

૨) ચોમાસું - વરસાદમાં બસની રાહ જોતા ઝાડ નીચે ઊભા રહેવું.

૩) શિયાળો - રસ્તાની બાજુમાં બેઠેલા ગલૂડિયાંને ઘરે લાવવું.

- કૃતિ અને હાવભાવનો તાલમેલ જામે છે કે નહીં, તે જુઓ.
- બાળકોને લાગણીઓ અને હાવભાવ વ્યક્ત કરવા પર ભાર મૂકવા કહેવું. તેમના ચહેરા પરના હાવભાવ સંવાદો પ્રમાણે યોગ્ય છે કે નહીં, તે જોઈને જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપવું.

CG - 4
C - 4.1
Lo - 03AE40

# ૭. નાટકની તૈયારી કરીએ

નાટકની તૈયારી શરૂ કરવા માટે, સૌ પ્રથમ એક વાર્તા અથવા પ્રસંગની જરૂર હોય છે, જેને આપણે 'સ્ટોરી' કહીએ છીએ. પછી તેના માટે જરૂરી સાહિત્ય અને પોશાકનો વિચાર કરીએ છીએ. પ્રસંગ રજૂ કરતી વખતે તે વધુ સારો દેખાય અને સાચો લાગે તે માટે અભિનય તો સારો હોવો જ જોઈએ, પણ તેની સાથે જ તેના માટે જરૂરી સાહિત્ય, વેશભૂષા (પોશાક) અને સંગીત પણ મહત્વના હોય છે. હવે આપણે નીચેનો પ્રસંગ વાંચીએ.

રાજુ શાળાએથી દોડતો ઘરે આવ્યો, તેણે દફતર મૂક્યું અને ડબ્બાની થેલી તો ફેંકી જ દીધી. કારણ કે આજે તેની ક્રિકેટની મેચ હતી. ઘરમાં રાખેલું બૅટ અને ટોપી તેણે હાથમાં લઈ તેણે મોટી બહેનને કહ્યું, 'હું જાઉં છું હોં.' તેની મોટી બહેન બહાર આવી અને કહ્યું 'અરે, હમણાં જ તો તું ઘરે આવ્યો અને તરત જ ક્યાં ચાલ્યો? રાજુએ કહ્યું, 'અમારી ક્રિકેટ મેચ છે. મને જરા પાણીની બાટલી ભરી આપો છો?' મોટી બહેને કહ્યું, 'અરે, બહાર વરસાદ જેવું વાતાવરણ છે. જો કેટલું અંધારું થઈ ગયું છે. તું ઘરમાં જ બેસ, નહીં તો મમ્મી આવીને તને ખીજાશે. રાજુ કહ્યું, 'અમારી મૅચ તો પહેલેથી જ નક્કી હતી. વરસાદ તો હમણાં આવ્યો. વરસાદના કારણે અમે અમારી મેચ રદ્ કરી શકીએ નહીં. તેને હસવું કે ગુસ્સે થવું તે સમજાતું નહોતું, તેથી તે બોલી, 'ઠીક છે પણ શાળાનો ગણવેશ તો બદલ અને આ ટી-શર્ટ પહેરીને જા. અને હા, આ લે છત્રી, વરસાદ આવશે તો કામ લાગશે.' અરે બેન, હું બૅટિંગ કરતી વખતે બૅટને બદલે આ છત્રીથી બૉલ ફટકારું કે? તમે પણ ...' ' જો, તારે છત્રી તો લઈ જ જવી પડશે.' મોટી બહેન ગુસ્સામાં કહ્યું. એટલામાં જ વરસાદ પડવાનો અવાજ આવવા લાગ્યો. મોટી બહેને કહ્યું, 'જો, વરસાદ શરૂ થઈ ગયો. હવે તે બંધ થાય ત્યાં સુધી કંઈક ખાઈ લે એટલે રમવાની શક્તિ મળશે.'

તમે આ પ્રસંગ ધ્યાનપૂર્વક વાંચ્યો હશે. હવે આ પ્રસંગ રજૂ કરતાં પહેલાં થોડી પૂર્વતૈયારી કરીએ.

* પ્રસંગ રજૂ કરવા માટે જરૂરી સાહિત્યની યાદી કરીએ.

................................ ................................ ................................

................................ ................................ ................................

................................ ................................ ................................

આ સાહિત્ય પરિસરમાં ઉપલબ્ધ હોય તો ભેગું કરીને મહાવરો કરાવવો.

- યોગ્ય અવાજમાં આરોહ અવરોહ સાથે પ્રસંગનું વાંચન કરાવવું.
- પ્રસંગાનુરૂપ આવશ્યક સાહિત્યની યાદી તૈયાર કરાવવી.

CG - 2
C - 2.1
Lo - 03AE29

### વૈકલ્પિક સાહિત્યનો ઉપયોગ

જો આપણી શાળા કે પરિસરમાં કોઈ વસ્તુઓ ઉપલબ્ધ ન હોય, તો તેના બદલે વૈકલ્પિક વસ્તુઓનો ઉપયોગ કરો. જેમ કે,















આ રીતે એક જ વસ્તુનો પોતાની કલ્પનાશક્તિથી જુદી જુદી રીતે ઉપયોગ કરી શકાય છે.

### સાહિત્ય નિર્મિતિ

ઘણીવાર આપણા પરિસરમાં ઉપલબ્ધ વસ્તુઓમાં થોડો ફેરફાર કરીને પણ ઉપયોગી સાહિત્ય બનાવી શકાય છે, જેમ કે –

#### ખુરશીનું સિંહાસન





- વિદ્યાર્થીઓને પરિચિત વસ્તુઓ બતાવવી અને તેમની કલ્પનાથી તે વસ્તુનો નાટકના પ્રસ્તુતિકરણમાં કેવી રીતે ઉપયોગ કરી શકાય? તે દર્શાવતી કૃતિઓ કરાવવી.

CG – 2,3
C – 2.1, 3.1
Lo – 03AE30
03AE34

પર્યાયી કે વૈકલ્પિક તૈયાર સાધનોનો ઉપયોગ કરીને આપેલા પ્રસંગના પ્રસ્તુતિકરણનો મહાવરો કરો. પોતાના બીજા સમૂહના મિત્રોને અને શિક્ષકોને બતાવો. શિક્ષકો અને મિત્રોએ સૂચવેલાં સુધારા સાંભળી પ્રસ્તુતિકરણમાં જરૂરી ફેરફાર કરી ફરી પ્રસ્તુતિકરણ કરો.

**વેશભૂષા**

વેશભૂષા એટલે પોશાક. અગાઉ આપેલો રાજુ અને તેની મોટી બહેનો પ્રસંગ રજૂ કરવા માટે તેમણે કયો પોશાક પહેરવો જોઈએ તેની યાદી કરીએ

| રાજુ | બહેન |
|---|---|
| .............................. | .............................. |
| .............................. | .............................. |
| .............................. | .............................. |
| .............................. | .............................. |
| .............................. | .............................. |

- એકબીજાના સહકારથી આ વેશભૂષા ઉપલબ્ધ કરો.
- વેશભૂષા સહિત મહાવરો કરો.
- તમારા મિત્રોને આ પ્રસંગ ભજવી બતાવો અને તેમણે આપેલા સારા સૂચનો પ્રમાણે ફેરફાર કરીને ફરી પ્રસ્તુતિકરણ કરો.

## ચાલો રમત રમીએ તાળીઓનો વરસાદ

એક જણાએ જૂથની સામે ઊભા રહીને ઈશારાથી આંગળીઓની સંખ્યા બતાવવા કહેવી.

બાકીના બાળકો પહેલા એક આંગળીથી તાળી પાડશે, પછી બે આંગળીથી, એમ ધીમે-ધીમે આંગળીઓની સંખ્યા વધારીને બંને હાથેથી તાળી પાડશે. તાળીઓનો અવાજ જાણે વરસાદ વધી રહ્યો હોય તેવો સંભળાશે.

હવે ઉલટા ક્રમમાં આંગળીઓ ઓછી કરતા જઈને છેલ્લે ફરી એક આંગળીથી તાળી પાડવી, જેથી વરસાદ ધીમો થઈને બંધ થઈ ગયો હોય તેવું લાગશે.

**આ રમતનો ઉપયોગ રાજુ અને મોટીબહેનવાળા પ્રસંગમાં વરસાદનો અવાજ કાઢવા માટે કરો.**

- વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ અને સર્જનશીલતાને ખિલવવા માટે વિવિધ પ્રસંગો અને કથાઓનું વાંચન અને પ્રસ્તુતિકરણ કરાવવું. તે માટે જરૂરી વેશભૂષા પસંદ કરવાની તેમને તક આપવી.
- તાળીઓનો વરસાદ કૃતિ કરતી વખતે વચ્ચે-વચ્ચે ઓછી-વત્તી આંગળીઓ બતાડવી અને
- વરસાદના બદલાતાં જુદા જુદા અવાજોનો અનુભવ કરાવવો.

CG -2
C - 2.1,
Lo - 03AE32
03AE33
03AE36
03AE37

# મારી કૃતિ

૧. થોડો વિચાર કરો અને કંપાસનો ઉપયોગ વસ્તુ તરીકે ક્યાં-ક્યાં કરી શકાય તે જણાવો.

..........................

..........................

..........................



..........................

..........................

..........................

૨. તમારા ધોરણના પાઠ્યપુસ્તકમાંથી અથવા અન્ય વાર્તાના પુસ્તકમાંથી એક પ્રસંગ પસંદ કરો. પસંદ કરેલા પ્રસંગની રજૂઆત કરવા માટે નીચેના મુદ્દાઓ પર વિચાર કરો.

- પાત્રોની પસંદગી
- સાહિત્યની પસંદગી
- વેશભૂષાની પસંદગી
- રંગમંચની રચના
- પ્રસ્તુતિકરણ

- વિદ્યાર્થીઓના સહભાગ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવું.
- પ્રસંગની રજૂઆત સમયે જરૂર જણાય ત્યાં યોગ્ય માર્ગદર્શન આપવું.

CG - 2
C - 2.1,
Lo - 03AE32
03AE33
03AE36
03AE37

# ૮. ચાલો, રંગમંચ પર

અત્યાર સુધી આપણે નાટકની બધી પૂર્વતૈયારી કરી. પણ આ નાટક ક્યાં રજૂ કરવું એવો પ્રશ્ન તમને થયો હશે. એક વર્ગખંડમાં કંઈક આવું જ બન્યું, તે નીચેના પ્રસંગમાંથી જોઈએ.

**પ્રાચી -** સર, નાટકની બધી તૈયારી થઈ ગઈ છે. પણ નાટક રજૂ ક્યાં કરીશું?

**સર -** કેમ, શું થયું?

**શબાના** શાળાના સભાગૃહમાં તો વાલીસભાની તૈયારી ચાલુ છે અને મેદાન પરનું સ્ટેજ તો તડકાને લીધે તપી ગયું છે. પગ બળશે.

**સર -** અરે હા, તો પછી આપણા વર્ગખંડમાં જ નાટક રજૂ કરીએ ને, કારણ કે આપણા વિદ્યાર્થીમિત્રો જ આપણા પ્રેક્ષકો છે. તેઓ આ વર્ગમાં આરામથી બેસશે.

**રાજુ -** સર,તો પછી આપણે બૉર્ડની સામે ઊભા રહીને નાટક ભજવીશુંને?

**સર -** હાસ્તો વળી ...

**રાજુ -** તો તે બૉર્ડ પર નાટકને અનુરૂપ ચિત્ર દોરીએ તો?

**સર -** હા જરૂર, દોરો ! પણ ટેબલ થોડું બાજુ પર મૂકી દો એટલે નાટક રજૂ કરવા માટે સરસ જગ્યા મળશે.

**પ્રાચી -** સર, આ બેંચ થોડી પાછળ ખસેડીએ? એટલે સંગીત આપનારા બાળકો અહીં બેસી શકે.

**શબાના -** હા હા ! તેમને તેમનું સાહિત્ય રાખવા માટે જગ્યા જોઈશે ને!

**સર -** બરાબર. પણ નાટક જોનારા આપણા વિદ્યાર્થીમિત્રો પણ પોતાની જગ્યા પર બેસીને આખું નાટક જોઈ શકે તે રીતે બેંચ ગોઠવવી પડશે.

**જૉન -** પણ નાટકમાં વાપરવાનું સાહિત્ય જો સામે જ રાખીશું તો તો બધાને પહેલેથી જ દેખાઈ જશે ને!

**રાજુ -** સર, આપણે તે સાહિત્ય કેવી રીતે ઢાંકીશું? જેથી નાટક શરૂ થતાં પહેલાં કોઈને પણ તે દેખાય નહીં.

**અક્ષરા -** સર, અમને પણ નાટકમાં લો ને.

**સર -** અરે અક્ષરા, તમારા જેવા હજુ બીજા અમુક વિદ્યાર્થીઓ પણ નાટકમાં ભાગ લેવાના છે. તમે પણ તેમની સાથે ભાગ લો.

- સૌપ્રથમ આપેલા સંવાદોનું વાંચન કરાવવું. દરેક પાત્રો વિદ્યાર્થીઓમાં વહેંચી આપવા અને સંવાદ ભજવવા કહેવું.

CG -3
C - 3.2,
Lo - 03AE35
03AE38

અક્ષરા - પણ સર, અમારે ભજવવાની ભૂમિકા? નાટક તો અડધા કલાકમાં શરૂ થવાનું છે ને? તો અમારી પ્રેક્ટિસ?

સર - તમારો રોલ છે, પડદાનો.

અક્ષરા - શું? પડદાનો?

સર - હા, બાળકોના નાટકનો પડદો પણ બાળકોનો જ. એટલે હવે આપણો વર્ગખંડ એક વર્ગનાટ્યગૃહ બની જશે.

બધા- શું વર્ગનાટ્યગૃહ?

સર - હા, આને જ તો 'વર્ગનાટ્યગૃહ' કહે છે.

શબાના - પણ સર, નાટક શરૂ થતા પહેલાં આપણું સાહિત્ય અને પાછળ શણગારેલું બોર્ડ કોઈને દેખાવું ન જોઈએ ને! તો તેને કેવી રીતે ઢાંકીશું?

સર - તેના માટે આ બાળકોની શરીર-આકૃતિનો જ પડદો કરવાનો. સ્ટેજની સામેના ભાગમાં આ બાળકોને નજીક-નજીક ઊભા રાખવાના. જેથી પ્રેક્ષકોને પાછળનું કંઈજ દેખાશે નહીં. નાટક શરૂ થતાં પહેલા આ બાળકો ધીરેધીરે ડાબી અને જમણી બાજુએ સરકશે. જેથી પ્રસ્તુતિકરણનો ભાગ દેખાવા લાગશે અને નાટક શરૂ થશે.

### માનવ શરીરાકૃતિનો પડદો



બંધ પડદો



પડદો ખુલતાં

- પ્રસ્તુતિકરણ કરતી વખતે પૂરતી સંખ્યાનો વિચાર કરી જુદાજુદા જૂથ બનાવો.
- દરેકને તક મળે તે જોવું.

CG - 3
C - 3.2,
Lo - 03AE35
03AE38

## સંગીતનો સાથ

કોઈપણ પ્રસંગ રજૂ કરતી વખતે તે પ્રેક્ષકોને વધુ મનોરંજક લાગે તે માટે તેને સંગીતનો સાથ લેવામાં આવે છે. આ સંગીત પણ આપણા પરિસરની અનેક વસ્તુઓમાંથી નિર્માણ કરી શકાય છે.

આવી અનેક વસ્તુઓમાંથી નાટક માટે જરૂરી ધ્વનિ ઉત્પન્ન કરીને સંગીત આપી શકાય છે.



આપણી અંદર સંગીત છુપાયેલું છે.

મોંઢાથી પણ જુદા જુદા અવાજ કાઢી શકાય છે.

હાથેથી અને પગના ઠેકાથી પણ ધ્વનિ ઉત્પન્ન કરી શકાય છે.



પ્રસ્તુતિકરણ વખતે સંગીતમય સાથ આપતાં વિદ્યાર્થીઓ

**શું તમે જાણો છો ?**
ભારતીય નાટ્યશાસ્ત્રનો પાયો ભરત મુનિએ નાખ્યો હતો. મરાઠી રંગભૂમિના ઇતિહાસમાં 'સંગીત શાકુંતલ'ને પહેલું સંગીત નાટક માનવામાં આવે છે.

### ચાલો, કરીએ.

વર્ગના વિદ્યાર્થીઓના જૂથ બનાવો.

**પહેલું જૂથ –** આપણા પાઠ્યપુસ્તકમાંની કવિતા કે પ્રસંગ હાવભાવ સાથે રજૂ કરશે.

**બીજું જૂથ –** નાટ્યનું પ્રસ્તુતિકરણ ચાલુ હોય ત્યારે બીજું જૂથ મંજીરા અથવા ઉપલબ્ધ સાધનોથી તાલ આપશે.

**સંગીત આપવા માટે –**
- પરિસરમાં ઉપલબ્ધ સાહિત્ય ભેગું કરી તેનો સંગ્રહ કરવો.
- ભેગાં કરેલા સાહિત્ય વડે સંગીત નિર્માણ કરવાની તક આપવી.

CG –3
C – 3.2,
Lo – 03AE37

## પ્રકાશનો ઉપયોગ કરીએ

આપણે જે પ્રસંગ રજૂ કરવાના છીએ તે કયા સમયનો છે તે જોઈએ. એટલે કે સવાર, બપોર, કે રાત-દિવસનો કયો પ્રહર છે? તે ધ્યાનમાં રાખીને આપણા વર્ગનાટ્યગૃહમાં તેવી પ્રકાશયોજના કરી શકાય. તે કેવી રીતે? તે જોઈએ

આપણને સૌને  પ્રકાશ આપે છે.

આપણે પ્રકાશયોજનામાં તેનો ઉપયોગ કરીશું તો  મજા આવશે. અને

તેને  બંધ કરીને અંધારું કરીએ એટલે થઇ ગઇ રાત !  હવે

ધીમે ધીમે ઉગતી સવાર દર્શાવવા  ધીમે દરવાજો  ખોલો પણ આખો દરવાજો ન ખોલશો. કારણકે સવારે તો મંદ પ્રકાશ હોય છે.

ત્યાર બાદ પૂરતો પ્રકાશ થાય એટલે થયું બપોર.

વાદળા  આવે ત્યારે પણ પ્રકાશ થોડો મંદ થઇ જાય છે.

વર્ગમાં રહેલી  લાઇટ અથવા

બલ્બનો  ઉપયોગ કરીને પણ સવાર, બપોર અને સાંજ દર્શાવી શકાય.

 હવે આ બધાનો આપણા નાટકને જો મળશે સાથ, તો તેનાથી દ્રશ્યો લાગશે આબેહૂબ ખરા. આમ પ્રકાશ આયોજનનો અનુભવ લેવાની મજા આવશે ઘણી!

- રજૂઆત પહેલાના મહાવરા સમયે વિદ્યાર્થીઓને કુદરતી પ્રકાશનો યોગ્ય ઉપયોગ કરતા આવડે તે માટે દરવાજા-બારીઓ ઉઘાડ-બંધ કરવાનો મહાવરો કરાવવો. જેથી યોગ્ય સમયે કૃતિઓનો મેળ સાધી શકાય.

CG -4
C - 4.1,
Lo - 03AE39

## કરીએ વેશભૂષા

રજૂઆત કરતાં પહેલાં આપણે તેના માટે જુદી જુદી તૈયારીઓ કરીએ છીએ, તેનો મહાવરો કરીએ છીએ, અને પછી જે ભૂમિકા ભજવવાની હોય તેવો પોશાક પહેરીને અજૂઆત કરીએ છીએ. આ રજૂઆત જોતી વખતે આપણા મિત્રોને તે વાસ્તવિક અને સાચી લાગે છે. આ વેશભૂષા પસંદ કરતાં પહેલા તમારા જૂથમાં તે વિશે ચર્ચા કરીને પછી નક્કી કરો. પછી તે વેશભૂષા મેળવીને તે તમારા માપની છે કે નહીં તે તપાસો. હવે તે વેશભૂષા કે પોશાક પહેરીને મહાવરાની શરૂઆત કરો. વેશભૂષા પહેરીને ચાલવાનો, બેસવાનો, ઊભા રહેવાનો મહાવરો કરો, જેથી રજૂઆત કરતી વખતે આપણું ધ્યાન સતત તેના તરફ જતું નથી અને આપણી રજૂઆત ખૂબ સરસ થાય છે.



- પાત્રોની વેશભૂષા સહિત મહાવરો કરાવવો.

CG – 2, 3
C – 3.1, 3.2
Lo – 03AE35

## ચાલો, મહાવરો કરીએ.

આપણે પસંદ કરેલા પ્રસંગ કે નાટકનો મહાવરો આપણા વર્ગમાં જ કરીએ. તે માટે વર્ગખંડની બેઠક વ્યવસ્થા બદલીએ અને બાળકોને રજૂઆત કરવા માટે પૂરતી જગ્યા કરી આપીએ.

- મહાવરો કરતી વખતે પ્રસંગને અનુરુપ પ્રકાશયોજનાનો ઉપયોગ કરીએ.
- મહાવરો કરતી વખતે, રજૂઆત માટે જરૂરી સાહિત્ય સંકલિત કરીને તેનો ઉપયોગ કરીએ.
- જો સંગીતના સાધનો ઉપલબ્ધ ન હોય તો, ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરીએ કરીએ.
- નાટકના પાત્રોની વેશભૂષા નક્કી કરીએ અને વેશભૂષા સાથે મહાવરો કરીએ.
- પડદો તૈયાર કરવા માટે આપણાં મિત્રોની મદદ લઈને તેમનો પણ મહાવરો કરાવીએ.
- સુંદર રજૂઆત કરવા માટે તૈયાર થઈ જઈએ.

## પ્રસ્તુતિકરણ

પૂરતા મહાવરા પછી વર્ગનાટ્યગૃહની રચના કરીને મહાવરા અનુસાર વેશભૂષા, સાહિત્ય, સંગીત, પ્રકાશ યોજના જેવી તકનીકી બાબતોનો યોગ્ય ઉપયોગ કરીને સરસ રજૂઆત કરો.

રજૂઆત પછી અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આપેલી સૂચનાઓનો વિચાર કરીને ફરીથી પ્રસ્તુતિકરણ કરો.

## મારી કૃતિ

૧. પાઠ્યપુસ્તક અથવા વાર્તાના પુસ્તકમાંથી એકાદ પ્રસંગ પસંદ કરીને તે પ્રસંગના પ્રસ્તુતિકરણ માટે -

- પાત્ર પસંદગી
- જરૂરી સાહિત્ય
- ધ્વનિ
- પ્રકાશ યોજના
- વેશભૂષા

આ બધી તકનીકી બાબતોનું નિયોજન કરીને જૂથમાં રજૂઆત કરો.

- રજૂઆત પહેલાં પાઠ્યપુસ્તકમાંથી, વાર્તાના પુસ્તકમાંથી અથવા પહેલા મહાવરો કર્યો હોય તેમાંથી, વિદ્યાર્થીઓની વયને અનુરુપ કોઈ એક પ્રસંગ પસંદ કરવાની તક આપવી.

CG - 2, 3
C - 3.1, 3.2
Lo - 03AE33
03AE35
03AE38


ધા ધીં ધીં ધા
સંગીત

# ૯. સાથે મળીને ગાઈએ!

આપણને સૌને ઔને ગાવા અને સાંભળવા ખૂબ ગમે છે, સાચું ને! પણ શું તમને ખબર છે? જ્યારે આપણે મળીને સાથે ગાઈએ છીએ, ત્યારે તે ગીતની મજા કંઈક અલગ જ હોય છે!

આજે આપણે આવા જ કેટલાક સુંદર ગીતો ગાવાના છીએ તો પછી ચાલો,

સૂરોના આ સુંદર પ્રવાસે જઈએ અને ગાઈએ...

## રાજ્યગીત

રાષ્ટ્રીય એકાત્મતાની ભાવના કેળવવા અને આપણાં રાજ્ય મહારાષ્ટ્રના ગુણગાન ગાવા માટે આ રાજ્યગીત ગાવામાં આવે છે. આ ગીતમાં મહારાષ્ટ્રના ગૌરવશાળી ઇતિહાસનું વર્ણન કરવામાં આવ્યું છે. રાજ્યગીત પ્રત્યે આદર રાખવા માટે સાવધાન સ્થિતિમાં ઊભા રહી રાજ્યગીત ગાવું જોઇએ.

### રાજ્યગીત

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा॥धृ॥
भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ॥१॥
काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ॥२॥



ગીત - રાજા બઢે

- સૂરતાલ સહિત રાજ્યગીતનો મહાવરો કરાવવો.

CG - 1
C - 1.1
LO 03AE43/57

**શ્લોક :** આપણા દિવસની શરૂઆત આનંદપૂર્વક કરવા માટે આપણે ભગવાન સામે શ્લોક બોલીએ છીએ. તેનાથી આપણામાં પર સારા સંસ્કાર પડે છે. જમતા પહેલાં નીચેનો શ્લોક બોલવામાં આવે છે.

મુખે કોળિયો લેતાં, નામ લો ધરતીમાનું;
સહજ સ્મરણ થાશે, આપણા બાંધવોનું.
કૃષિકાર, કૃષિકર્મે મથતાં દિન ને રાત;
શ્રમિકોના શ્રમથી , અન્ન થાય તૈયાર.
સ્મરણ કરીએ તેમનું, અન્નસેવા બેમિસાલ;
ઉદરભરણથી થાય, ચિત્ત આપણું વિશાળ.



**વાંચો અને બોલો.**

આપણે દિવસની, અભ્યાસની શરૂઆત પ્રાર્થનાથી કરીએ તો આપણું મન પ્રસન્ન થાય છે. ચાલો, હવે આપણે નીચેની પ્રાર્થના એકસાથે મળીને સૂરમાં ગાઈએ.

**પ્રાર્થના**

ઓ ઈશ્વર ભજીએ તને,
મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ,
થાય અમારાં કામ.
હેત લાવી હસાવ તું,
સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ કરજે માફ.



- ઉપલબ્ધ સાધનોની મદદથી શ્લોક અને પ્રાર્થનાનો સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG - 1
C - 1.1
LO 03AE44

શાળાની શરૂઆત હંમેશાં પ્રાર્થનાથી થાય છે. તેમાં આપણે સૌ સાથે મળીને રાષ્ટ્રગીત, રાજ્યગીત, શ્લોક, પ્રાર્થના, સમૂહગીતને ગાઈએ છીએ. તેનાથી મન એકાગ્ર થાય છે, પ્રસન્નતા અનુભવાય છે.

ચાલો, તો પછી સૌ સાથે મળીને નીચેની પ્રાર્થના સાંભળીએ અને ગાઈએ.



**પ્રાર્થનાગીત**

પરોઢિયે પંખી જાગીને,
ગાતાં મીઠાં તારાં ગાન
પરોઢિયે મંદિર મસ્જિદમાં,
ધરતાં લોકો તારું ધ્યાન!
તું ધરતીમાં તું છે નભમાં,
સાગરમહીં વસે છે તું ;
ચાંદા-સૂરજમાંયે તું છે,
ફૂલો મહીં હસે છે તું.
હરતાં-ફરતાં કે નીંદરમાં,
રાતે દિવસે સાંજ સવાર,
તારો અમને સાથ સદાયે,
તું છે સૌનો રક્ષણહાર.
દેવ, બનાવી દુનિયા છે તે,
તારો છે સૌને આધાર,
તું છે સૌનો, સૌ તારાં છે,
નમીએ તુજને વારંવાર.

**યાદ રાખો :**
પ્રાર્થના બૂમો પાડીને નહી, ભાવપૂર્ણ સૂરમાં અને સૌમ્ય અવાજે ગાવાની હોય છે.

- સૂરતાલસહિત પ્રાર્થના ગવડાવવી અને તેના વિશે ચર્ચા કરવી.
- ગીતના ઢાળ, શબ્દોચ્ચાર, સ્વર અને તાલ અને લય વિશે માર્ગદર્શન આપવું.

CG – 1
C – 1.1
LO 03AE45/46/47

## બાળગીત

બાળગીત ગાતી વખતે તમે ક્યારેય નૃત્ય કર્યું છે? તમને કયા બાળગીત પર નૃત્ય કરવાનું ગમે છે? ચાલો, આપણે પણ કુદરતના રંગોમાં રંગાઈ જઈએ અને આ ગીતના માધ્યમથી પક્ષીઓનો કિલકિલાટ, પ્રાણીઓનો અવાજ અભિનય સાથે રજૂ કરીએ!



ચાલો જોવા, ચાલો જોવા,
નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતના સૂર-તાલમાં
જાતજાતનાં ગીતો ગાય.
સૌની આગળ ચકલી ચાલે
ગીત ગાતી ચીંચીંચીં,
કલબલ કરતી કાબર પાછળ,
બતકબાઈ કરતાં કીંકીં.
મે... આઉં કરતો મોર ચાલતો,
કા.. કા... કરતાં કાગભાઈ,
કુહૂ.... કુહૂ... કોયલ ગાતી,
કૂકડે-કૂક કૂકડાભાઈ.
મિયાઉં મિયાઉં બિલ્લી ગાતી,
હાઉ હાઉ કરતાં કૂતરાભાઈ,
બેં બેં... બેં બેં બકરી ગાતી,
હોંચી હોંચી ગધ્ધાભાઈ.
ઇં... હીંહીંહીં ઘોડો કરતો,
હૂકી હૂકી શિયાળભાઈ,
હૂપ હૂપ કરતાં વાંદરાભાઈ ને
અંભાં અંભાં ગાતી ગાય.
છોકરાંઓને ગમ્મત થઈ ગઈ, જોવા જેવું સરઘસ જાય,
ભાતભાતના સૂર-તાલમાં જાતજાતનાં ગીતો ગાય.

– વસંત નાયક

- ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ પાસે સૂરતાલ અને અભિનય સાથે ગાયન કરાવવું.
- દરેકને ગીતમાં સહભાગી કરવા.

CG – 2
C – 2.1
LO 03AE47/57

## બાળગીત ૨



ચાલો ચાલેને રમીએ હોડી હોડી
વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર
ઝરણાં નાના જાય દોડી દોડી
બાપુનાં છાપાં, નક્કામાં થોથાં
કાપી કૂપીને કરીએ હોડી ચાલોને
સાદી સઢવાળી, નાની ને મોટી
મૂકીએ પવનમાં છોડી છોડી  ચાલોને
ખાલી રાખેલી, ઊંધી વળે તો
પાંદડા ને ફૂલ ભરું, તોડી તોડી  ચાલોને
જાશે દરિયાપાર પરીઓના દેશમાં
સૌથી પહેલા દોસ્ત મારી હોડી  ચાલોને

– પિનાકીન ત્રિવેદી



- આ બાળગીત તાળીઓના તાલ સાથે સૂરતાલ સહિત ગાવાનો મહાવરો કરો.
- આ બાળગીત ગાતી વખતે તમને કેવું લાગ્યું, તે વિશે તમારા વર્ગના મિત્રો સાથે જૂથચર્ચા કરો.
- આ બાળગીતની કઈ પંક્તિઓ તમને ગમી, તે વિશે તમારા સહપાઠીઓ સાથે ચર્ચા કરો.

- તાળીઓ વગાડીને સૂરતાલ સહિત બાળગીત ગવડાવવું.
- બાળગીત કેવું લાગ્યું, કઈ પંક્તિઓ ગમી તે વિશે ચર્ચા કરાવવી.

CG – 1/2
C – 1.1/2.2
LO 03AE44/45/57

**અભિનયગીત :**

કેવળ ગીત ન ગાતા તેના શબ્દોનો અર્થ ધ્યાનમાં લઈને અભિનય સાથે ગીત રજૂ કરીએ.

ચકીબેન ચકીબેન,
મારી સાથે રમવા આવશો કે નહીં ?
આવશો કે નહીં ?
બેસવાને પાટલો, સૂવાને ખાટલો
ઓઢવાને પીછાં આપીશ તને,
હું આપીશ તને ચકીબેન ચકીબેન
પહેરવાને સાડી, મોરપીછાં વાળી,
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને,
હું આપીશ તને ચકીબેન ચકીબેન
ચક ચક કરજો, ચીં ચીં કરજો
ચણવાને દાણા, પીવાને પાણી આપીશ તને
હું આપીશ તને ચકીબેન ચકીબેન
બા નહીં બોલશે, બાપુ નહીં વઢશે,
નાનો ભઈલો તો ઊંઘી ગયો,
ઊંઘી ગયો ચકીબેન ચકીબેન



**ધ્યાનમાં રાખો :**
બાળગીતોમાં બાળકોને ગમતી પસંદની વસ્તુઓ, કુદરત, પશુ-પંખી, રમકડાં વગેરેનું વર્ણન હોય છે.

- સૂરતાલ અને અભિનય સહિત અભિનયસહિત, અભિનયગીતનો મહાવરો કરાવવો.

CG - 2
C - 2.1
LO03AE47/57

## દેશભક્તિ વિષયક સમૂહગીત

આપણે ભારત દેશમાં રહીએ છીએ. આ દેશનું આપણને અભિમાન હોવું જોઈએ. આ દેશના સૈનિકો સરહદ પર ખડા પગે ઊભા રહીને હંમેશાં દેશનું રક્ષણ કરતા હોય છે. એટલા માટે જ આપણે બધા સુરક્ષિત રહી શકીએ છીએ. હવે, આપણે નીચેનું દેશભક્તિ ગીત ગાઇએ.



ઝિન્દાબાદ , ઝિન્દાબાદ !
ભારતનાં રખવાળાં કરશું,
ભારતમાં અજવાળાં ભરશું;
ઝિન્દાબાદ , ઝિન્દાબાદ !
દેશ અમારો ઝિન્દાબાદ !
મરજીવા થઈ સાગર તરશું,
પવન પલાણી થનગન ફરશું; અમે ચાંદની,
અમે વાદળી થઈ જગતમાં
મીઠાં મીઠાં અમરત ઝરશું
ઝિન્દાબાદ , ઝિન્દાબાદ !
થાક અમે સ્હેજે ના ગણશું
પાયાથી નવચણતર ચણશું ; અમે બંસરી,
અમે ખંજરી બની મુલકમાં મધુર કૂજશું ને રણઝણશું
ઝિન્દાબાદ , ઝિન્દાબાદ !
અમે ગાંધી-નહેરુને પગલે તિરંગાની શાન બઢવશું
સરોજિની-કસ્તુરબા થઈને
અમે દેશનાં ગાન ગંજવશું
ઝિન્દાબાદ , ઝિન્દાબાદ !
દેશ અમારો ઝિન્દાબાદ !

**નીચેનામાંથી તમને ગમતું એક સમૂહગીત સાંભળીને તેનો મહાવરો કરો.**

- મંગલ દેશા પવિત્ર દેશા ...
- સારે જહાં સે અચ્છા...
- ઓ હિન્દદેવ ભૂમિ સંતાન...
- હિંદ દેશ કે નિવાસી...

**યાદ રાખો :**
અનેક લોકો સાથે મળીને સૂરતાલમાં ગીત ગાય, તેને સમૂહગીત કહે છે.

- સૂરતાલ સહિત દેશભક્તિ ગીતનો મહાવરો કરાવવો.

CG – 3
C – 3.2
LO 03AE47

## મારી કૃતિ




૧) નીચેની આકૃતિમાં પાઠમાં આવેલા ગીતના વિવિધ પ્રકારોના નામ લખો.

૨) પાઠમાંથી શીખેલા ગીતોમાંથી તમને કયું ગીત સહુથી વધારે ગમ્યું, તેની ચાર પંક્તિઓ લખો.

..............................................

..............................................

..............................................

..............................................

૩) પાઠમાંથી શીખેલા કોઈપણ એક ગીતનો મહાવરો કરીને તેનું ગાન કરો.

- પાઠમાં આપેલા ગીતોનો પૂરતો મહાવરો કરાવીને જૂથમાં રજૂઆત કરવાની તક આપવી.
- વિદ્યાર્થીઓ પાસે આ પ્રકારના અન્ય ગીતો ગવડાવવા. ગીતોનો સંગ્રહ કરવા કહેવું.

# ૧૦. ગીત એકલાનું , ગીત બન્નેનું
(એકલ ગીત,યુગલ ગીત)

નીચે આપેલાં બધાં ચિત્રોનું નિરીક્ષણ કરો.

૧.



૨.



૩.



૪.



૫.



૬.



ઉપરના દરેક ચિત્રોનું નિરીક્ષણ કર્યા પછી તેમાં તમને શું સમાનતા કે તફાવત દેખાય છે તે તમારા મિત્રોને કહો.

તમન સમાન લાગતા ચિત્રોના ક્રમાંક નીચે આપેલા ખાનામાં લખો

- એકલ ગીતો અને યુગલ ગીતો વિશે માહિતી આપવી.

CG – 2
C – 2.1
LO 03AE48

જ્યારે કોઈ વ્યક્તિ એકલી જ ગીત ગાય છે, ત્યારે તેને 'એકલ ગીત' કહેવામાં આવે છે. પરંતુ, જ્યારે બે વ્યક્તિઓ મળીને એક સાથે સૂરમાં ગાય, તેને 'યુગલ ગીત' કહેવામાં આવે છે.

ચાલો, આજે આપણે એકલ અને યુગલ ગીતો ગાવાની મજા માણીએ!

### એકલ ગીત

નીચેનું ગીત વાંચો અને ગાઓ. આ ગીત તમને એકલાને પણ ગાતા આવડવું જોઈએ. તે માટે ગીત સાંભળીને તેનો ભરપૂર મહાવરો કરો.

## આપો સુંદર પાંખ



આપો આપોને સુંદર પાંખ મને,
આપો આપોને સુંદર પાંખ મને.
મારે પંખી ભમે તેમ ભમવું છે,
વન, વાડી, બગીચે રમવું છે,
આપો આપોને સુંદર પાંખ મને.
મારે ઊંચેરા આભમાં ઊડવું છે,
પેલા તારા રમે તેમ રમવું છે,
આપો આપોને સુંદર પાંખ મને.
પેલાં ઝાડોની કુંજમાં છુપાવું છે,
પેલા પંખીનું ગીત મારે ગાવું છે.
આપો આપોને સુંદર પાંખ મને.
હાથે ચાંદા, સૂરજને ધરવા છે,
મારે દીવા ગગનના ગણવા છે.
આપો આપોને સુંદર પાંખ મને.

- ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરીને સૂરતાલ સહિત એકલ ગીત ગાવાનો મહાવરો કરાવવો.

## બાળગીત (કથાગીત) સસલો અને કાચબો

સસલો રે સસલો, રૂ જેવો કોમળ,
કાચબાને પડકાર્યો રે.
દોડતા દોડતા ડુંગર ચઢી જઈએ,
જોઈએ કોણ જીતે રે!
ચુરુ ચુરુ બોલે, ફટાફટ દોડે,
કાચબો ધીમે ચાલે રે.





સસલો આગળ જાય, ઝાડ પાછળ સંતાય,
કાચબો ધીરે નીહાળે રે.
રસ્તામાં ક્યાંય ન થંભે,
ધીમે ધીમે ચાલે રે...

લીલા લીલા પાંદડા, પંખીઓના ગાન,
જોઈ સસલો હરખાયો રે.
ખાધું લીલું ઘાસ, ડાળીની છાંયમાં,
આરામથી સૂઈ ગયો રે.
મીઠી મીઠી ઊંઘ આવી,
ઝાડની શીતળ છાંયે રે...





સસલો જાગ્યો, દોડ્યો બહુ તેજે,
ડુંગર શિખર પર પહોંચ્યો રે.
કાચબો ત્યાં પહેલેથી,
ધીમે ધીમે ચાલો, હિંમત કદી ન હારો,
મહેનતથી જીત મળે રે.
આળસ કદી ન કરશો રે!

- વિદ્યાર્થીઓ પાસે સૂરતાલ સહિત ગાવાનો મહાવરો કરાવવો.

## બીજા કેટલાંક એકલ ગીતો

નીચે કેટલાંક ગીતોની યાદી આપી છે. આ ગીતો એકલા ગાતાં આવડવા જોઈએ. તમને નીચેનામાંથી જે ગીત ગમે તે સાંભળો અને તેનો મહાવરો કરો.

૧) એકડો સાવ સળેખડો...
૨) કાળુડી કૂતરીને...
૩) ત્રણ ઋતુએ હું રીઝે ..
૪) લકડી કી કાઠી, કાઠી પે ઘોડા...
૫) કાતરનાં શિંગોડા ખૈએ...

## યુગલ ગીત

હવે આપણે એક યુગલ ગીત શિખીશું. નીચેનું ગીત વાંચો અને સાંભળો.

### પગલાં

દરિયાને તીર એક રેતીની ઓટલી
ઊંચી અટૂલી અમે બાંધી જી રે,
પગલું તે એક એક પાડે મહેમાન એમ
રામજીની આણ અમે દીધી જી રે.
પહેલા મહેમાન તમે આવો, સૂરજદેવ,
પગલું સોનાનું એક પાડજો જી રે,
પગલામાં નવલખ તારાની ભાત ને
સંધ્યાના રંગ બેક માંડજો જી રે,



બીજા મહેમાન તમે આવો, પવનદેવ,
પગલું પનોતું એક પાડજો જી રે,
પગલામાં વાત લખો પરીઓના દેશની
ફૂલડાંની ફોરમ પૂરજો જી રે.
ત્રીજા મહેમાન તમે આવો, સમદર દેવ
પગલું મોતીનું એક પાડજો જી રે,
પગલામાં મહેલ ચણી સાતે પાતાળના
માણેકના દીવા પ્રગટાવજો જી રે.
ધીરે મહેમાન જરા ધીરેથી આવજો,
પગલાં તે પાડજો જાળવી જી રે,
જો જો વિલાય ના એ પગલાંની પાંદડી,
બાળુડે ઓટલી બનાવી જી રે.

– સુંદરમ



● આપેલા એકલગીત અને યુગલગીતોને સૂરતાલ સહિત ગાવાનો મહાવરો કરાવવો.

CG – 2
C – 2.1
LO 03AE48/49

## યુગલ ગીત

હવે નીચેનું ગીત વાંચો અને સાંભળો. આ ગીત બન્ને જણાએ મળીને ગાવાનું છે.

**ચાલો, તો તમે પણ વાંચો, સાંભળો અને ગાવ.**

'આજે નાનાં બાળ અમે પણ કો' દિન કામ મોટાં કરીશું,
બંધુભાવની સુગંધ બની, સહુ હૃદયે પ્રેમે મહેકીશું!

સદ્‌ગુણોની કેળવણીમાં કદી ન પાછાં હઠીશું,
ચરિત્ર-ઘડતર કરતાં કરતાં, સઘળું જીવન અર્પીશું!

સહુની સંગે વિવેકે વર્તી, સત્ય પણ મધુરું બોલીશું,
દેશ-વિદેશની શાંતિ કાજે, ખૂણે ખૂણે અમે વિચરીશું!

કાળા હો કે ગોરા હો સહુને સ્નેહ કરી ભાઈ ભેટીશું,
પ્રભુતણાં મોંઘેરાં સર્જન અમે, સહુમાં એકતા ભરીશું!

હસતાં-હસતાં, રમતાં, પડતાં જીવતર સૌરભી જીવીશું,
વિશ્વબાગનાં પુષ્પો પ્યારા, ફોરમ ફુવારે છલકીશું!



- યુગલગીત સંભળાવવું અને પછી તે લયબદ્ધ રીતે સૂરતાલમાં ગવડાવીને મહાવરો કરાવવો.

CG – 2
C – 2.1
LO 03AE48/49

## બીજા કેટલાંક યુગલ ગીતો

નીચે કેટલાંક યુગલ ગીતોની યાદી આપી છે. આ ગીતોમાંથી તમારું મનપસંદ ગીત સાંભળો અને મહાવરો કરો.

- પંખીડા .... ઓ ... પંખીડા
- મૈત્રીભાવનું પવિત્ર ઝરણું .....
- કરો રમકડાં કૂચકદમ .......

## મારી કૃતિ

૧) યોગ્ય શબ્દ વાપરીને વાક્ય પૂર્ણ કરો.

અ) એકલાએ ગાયેલું ગીત એટલે ............................

આ) યુગલ ગીત ગાવા માટે ............................ વ્યક્તિઓની જરૂર હોય છે.

૨) તમને ગમેલા કોઈપણ એક એકલ ગીતનો મહાવરો કરીને વર્ગમાં રજૂઆત કરો.

૩) તમને ગમેલા કોઈપણ એક યુગલ ગીતનો મિત્ર સાથે મહાવરો કરીને વર્ગમાં રજૂઆત કરો.

- યુગલ ગીતોનો મહાવરો કરાવીને તેનું વર્ગમાં પ્રસ્તુતિકરણ કરાવવું.

# ૧૧. પરંપરાના સૂર

ચિત્ર જોઈને તે શાનું છે તે લખો.



.........................



.........................



.........................



.........................



.........................



.........................

- ચિત્રોનું નિરીક્ષણ કરીને ચિત્ર નીચે નામ લખવા કહેવું.
- ચિત્રમાં આપેલા લોકસંગીતના પ્રકારો વિશે માહિતી આપવી.

CG – 2
C – 2.2
LO 03AE51

તમે વાસુદેવને જોયો હશે! પોવાડા પણ સાંભળ્યા હશે! તેમજ ક્યારેક ઘંટી પર અનાજ દળતી વખતે ગવાતાં ગીતો પણ સાંભળ્યા હશે! આવી જ અનેક સ્થાનિક બોલીભાષા અને પરંપરામાંથી લોકસંગીત તૈયાર થાય છે. આજે આપણે લોકસંગીતના આવા જ કેટલાંક ગીતોનો આનંદ માણીએ!

**વાંચો, સાંભળો અને ગાઓ.**

### ખેડૂત ગીત

હાલો રે ભાઈ, ખેતર હાલો
વહેલી સવાર, કૂકે કોયલ, સૂરજ કિરણ વરસાવે;
હળ હંકારી, બીજ વાવીએ,પરસેવાના મોતી વેરીએ.
ધાન, બાજરી, ઘઉં ને જુવાર,ભંડાર ભરી દઈએ;
અન્ન ઉગાડી જગને પોષી,સૌનું જીવન જીવી દઈએ.
હાલો રે ભાઈ, ખેતર હાલો, હળની ધૂન વગાડીએ;
પરસેવાના મોતી વેરીએ, ધરતીને ખીલવી દઈએ.



**ધ્યાનમાં રાખો :** ખેડૂત ગીત માટે ખાસ કરીને ઢોલ, ખંજરી, ઝાંઝ અને ઘૂંઘરું જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

### કોળીગીત



वल्हव रे नाखवा, वल्हव रे नाखवा
वल्हव रे नाखवा, वल्हव
आम्ही कोळ्याची पोरं हाय् हो
आम्हा दर्याची भीती नाय हो
वर आभाळ भरलंय् हो जाळं जोरात धरलंय् हो
कोण करील आम्हा काय हो ?
लाट जोसात येऊ द्या झेप खुशाल घेऊ द्या
मागे घेणार न्हाई पाय हो
देव मल्हारी पावला हो मासा जाळ्यात गावला हो
होडी मजेत पुढे जाय हो
कवी – मंगेश पाडगांवकर

**ધ્યાનમાં રાખો :** કોળીગીત માટે ખાસ કરીને ઢોલક, ઢોલકી, ઘૂંઘરું, હાર્મોનિયમ, ઝાંઝ જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

- કોળીગીત અને ખેડૂત ગીત વિશે ચર્ચા કરીને તેમાં રહેલા તફાવત વિશે જૂથમાં ચર્ચા કરવા કહેવું.

CG- ૨
C- ૨.૨
LO૦૩AE
૫૦/૫૧



CG – 2
C – 2.2
LO 03AE51

## વાંચો, સાંભળો અને ગાઓ.

પહેલાના સમયમાં કુટુંબની સ્ત્રીઓ વહેલી સવારે ઉઠીને ઘંટી પર અનાજ દળતી. અનાજ દળતી વખતે તેઓ જે ગીતો ગાતી તેને ખાયણાં કહે છે.



ઘંમ રે ઘંટી ઘંમ ઘંમ થાય
ઘંમ રે ઘંટી ઘંમ ઘંમ થાય
ઝીણું દળું તો ઊડી ઊડી જાય, જાડું દળું તો કોઈ નવ ખાય
મારા તે ઘરમાં સસરોજી એવા
હાલતાં જાય ચાલતાં જાય, લાપસીનો કોળિયો ભરતાં જાય
મારા તે ઘરમાં નણંદબા એવા
નાચતાં જાય કૂદતાં જાય, રાંધી રસોઈ ચાખતાં જાય
મારા તે ઘરમાં દિયરજી એવા,
રમતાં જાય કૂદતાં જાય, મારું ઉપરાણું લેતાં જાય
મારા તે ઘરમાં સાસુજી એવાં
વાળતાં જાય બેસતાં જાય, ઊઠતાં બેસતાં ભાંડતાં જાય
મારા તે ઘરમાં પરણ્યાજી એવા
હરતાં જાય ફરતાં જાય, માથામાં ટપલી મારતાં જાય
ઘંમ રે ઘંટી ઘંમ ઘંમ થાય

## પોવાડા

છત્રપતિ શિવાજી મહારાજના પરાક્રમની વાતો તમે સાંભળી જ હશે. પણ જ્યારે આ વાતો ગીતના સ્વરૂપમાં સાંભળીએ છીએ, ત્યારે તે સમયની ઘટનાઓ નજર સમક્ષ તરી આવે છે. ચાલો પોવાડા સાંભળીએ અને ગાઇએ.



रायरीचा रायगड झाला ऽऽऽ
बांधीले दुर्गेश्वराला, तटबंदी महाद्वाराला
बाजारपेठ राजसदरेला, सेवेचे ठाई तत्पर
हिरोजी इंदुलकर वर देई जगदिशेश्वर
झाली राजधानी तैयार जी ऽ जी जी
मराठीयांच्या सिंहासनाची वाढविली ख्याती
जिजाऊ झाल्या राजमाता अन् शिवबा छत्रपती
कित्येकांच्या बलिदानाने दिन हा अवतरला
शेतकऱ्यांचा राजा शिवबा छत्रपती झाला

कवी – संतोष साळुंके

છત્રપતિ શિવાજી મહારાજની કઈ-કઈ શૌર્યગાથાઓ તમને ખબર છે, તેન વિશે ચર્ચા કરો.

**ધ્યાનમાં રાખો :** પોવાડા પ્રસ્તુત કરતી વખતે ડફલી, હાર્મોનિયમ, એકતારો, મંજીરા જેવા વાદ્યો વાપરવામાં આવે છે.

- લોકસંગીત માટે વાપરવામાં આવતા વાદ્યોનો પરિચય કરાવવો.
- સ્થાનિક પરિસરના લોકસંગીતના પ્રકારોની ઓળખ કરાવવી.

CG -૪
C- ૪.૨
LO૦૩AE૬૧

## ભારૂડ

ગીત દ્વારા અભિનય સહિત વાર્તા પ્રસ્તુત કરવામાં ખૂબ મજા આવે છે. આવા ગીત પ્રકારને ભારૂડ કહેવામાં આવે છે.

सूर्य उगवला प्रकाश पडला आडवा डोंगर
आडवा डोंगर तयाला माझा नमस्कार
अगगगगगगं विंचू चावला
देवा रे देवा ...विंचू चावला
आता काय मी करू ... विंचू चावला

– संत एकनाथ

**ધ્યાનમાં રાખો :** ભારૂડ પ્રસ્તુત કરવા માટે હાર્મોનિયમ, ઢોલકી, મૃદંગ, મંજીરા, એકતારો, જેવા વાદ્યો વગાડવામાં આવે છે.



**ધ્યાનમાં રાખો**

સ્થાનિક બોલીભાષામાં ગવાતા પરંપરાગત ગીતોને 'લોકગીતો' કહેવામાં આવે છે.

- 'લોકગીત' સાહિત્ય પ્રકારનો પરિચય કરાવવો.
- બાળકો પાસે લોકસંગીતના વિવિધ પ્રકારો ગવડાવવા.
- લોકગીતોના પ્રકારો વચ્ચેનો તફાવત ઓળખવા કહેવું.

CG -૩/૪
C- ૩.૨/૪.૨
LO03AE
૫૬/૬૧

## પ્રાસંગિક ગીતો

વર્ષ દરમિયાન આવતા અનેક તહેવારો અને ઉત્સવોમાં તે તહેવાર અનુસાર ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવે છે, તેને પ્રાસંગિક ગીતો કહે છે.

**भजन :**

देव माझा विठू सावळा
देव माझा विठू सावळा
माळ त्याची माझिया गळा॥धृ॥

विठु राहे पंढरपुरी वैकुंठच हे भूवरी
भीमेच्या काठी डुले भक्तिचा मळा॥१॥

साजिरे रूप सुंदर कटि झळके पीताम्बर
कंठात तुळशीचे हार, कस्तुरी-टिळा॥२॥

भजनात विठू डोलतो कीर्तनी विठू नाचतो
रंगुन जाई भक्तांचा पाहुनी लळा॥३॥

**कवी– सुधांशू**

**भावार्थ :**

मेरा देव विठ्ठल साँवला,
मेरा देव विठ्ठल साँवला ।
उसकी माला मेरे गले में ॥ ध्रुव ॥

विठ्ठल रहते पंढरपुर में, यह धरती ही वैकुंठ है।
भीमा नदी के तट पर ही भक्ति का बगीचा है ॥१॥

उनका सुंदर रूप मनोहर, कटि पर पीतांबर
गले में तुलसी माला है, मस्तक पर तिलक कस्तूरी॥२॥

भजन में झूमें विठ्ठल, नृत्य करें कीर्तन में ।
भक्तों का प्रेम देख वे आनंद में रँग जाते हैं॥ ३ ॥



- પ્રાસંગિક ગીતોના મહાવરો કરાવવો.

CG - ૩
C- ૩.૨
LO૦૩AE૫૭
LO૦૩AE૫૮

## ગૌરી - ગણપતિ

चला चला गं सयांनो गौरी आणू या
गौरी आईचं गाणं गाऊ या
चला चला गं...

पाट मांडू चला माझ्या गौराईला शालू
जरतारी हा आता देऊ तिला
सोन्या पाचूचं दागिनं तिला घालू या
चला चला गं सयांनो गौरी आणू या...

हळदी कुंकू फुलं गंध वाहू तिला
गौराईच्या दारी दीप लाऊ चला
आली गौराई माझी सोन्याच्या पाऊली
चला चला गं सयांनो गौरी आणू या..



દિવાળી આવી, દિવાળી આવી.
આનંદ લાવી, આનંદ લાવી.

દીવા થાયે ઘરઘરમાં,
રંગોળી પુરાય આંગણમાં... દિવાળી આવી.

બારણે બારણે તોરણિયાં,
ઝબકે ઝીણા તારલિયા... દિવાળી આવી.

ફૂટે ફટફટ ફટાકડા,
મામા લાવે રમકડાં... દિવાળી આવી.

નિરંજના દેસાઈ



- વિવિધ પ્રાસંગિક ગીતોનો સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG - ૩
C- ૩.૨
LO૦૩AE૫૭
LO૦૩AE૫૮

## મારી કૃતિ

૧) પાઠમાં આવેલા લોકગીતોના પ્રકારોના નામ લખો.

લોકસંગીતોના પ્રકાર

૨) નીચેના ચિત્રોમાં આપેલા વાદ્યો કયા લોકસંગીતના પ્રકાર માટે વપરાય છે તે લખો.


......................


......................


......................


......................


......................


......................

૩) ઘરના વડીલો પાસેથી ગામના અથવા પરિસરના લોકગીતોની માહિતી મેળવીને યાદી તૈયાર કરો.



# ૧૨. સૂરો સાથે મૈત્રી



નીચેનાં ચિત્રો જુઓ.








ચિત્રનાં અવાજોનું વર્ગીકરણ કરો.

| નૈસર્ગિક અવાજ | માનવનિર્મિત અવાજ |
|---|---|
| ૧) ................................ | ૧) ................................ |
| ૨) ................................ | ૨) ................................ |
| ૩) ................................ | ૩) ................................ |

ઉપરના અવાજો સિવાય તમને ખબર હોય તેવા અન્ય નૈસર્ગિક અને માનવ નિર્મિત અવાજો લખો.

**ધ્યાનમાં રાખો :**

- વિવિધ નૈસર્ગિક ઘટકોના અવાજને નૈસર્ગિક ધ્વની કહે છે. અને માનવનિર્મિત અવાજોની નકલ કરવાની તક આપવી.
- વસ્તુ વડે ઉત્પન્ન થતા અવાજને માનવનિર્મિત ધ્વનિ કહેવાય છે.

**વિચાર કરો.**

| નૈસર્ગિક અવાજ | માનવનિર્મિત અવાજ |
|---|---|
| ૧) ................................ | ૧) ................................ |
| ૨) ................................ | ૨) ................................ |
| ૩) ................................ | ૩) ................................ |

**ચાલો, અવાજની નકલ કરીએ!**

તમારા મિત્રો સામે તમે સાંભળેલા અવાજોની નકલ કરી બતાવો.

- કુદરતી અને માનવનિર્મિત અવાજો વચ્ચેનો તફાવત સમજાવવો.
- વિવિધ નૈસર્ગિક અને માનવનિર્મિત અવાજોની નકલ કરવાની તક પૂરી પાડવી.

CG-૩
C-૩.૧
LO૦૩AE૫૪/૫૫/૫૯

  

ઉપરના ચિત્રોમાં તમને શું દેખાય છે?

ગાયન માટે વાદનની જરૂર હોય છે, તેવી જ રીતે નૃત્ય માટે ગાયક અને વાદકની જરૂર હોય છે.

**ધ્યાનમાં રાખો**

ગાયન, વાદન અને નૃત્ય આ ત્રણેય કળાઓના સમૂહને ‘સંગીત’ કહેવામાં આવે છે.

## આરોહ - અવરોહ

નીચેના ચિત્રનું નિરીક્ષણ કરો અને તે વિશે જૂથમાં ચર્ચા કરો.




**ધ્યાનમાં રાખો**

- ચઢતા ક્રમમાં સૂર ગાવાની ક્રિયાને ‘આરોહ’ કહે છે. ઉદા. સા રે ગ મ પ ધ નિ સાં
- ઉતરતા ક્રમમાં સૂર ગાવાની ક્રિયાને ‘અવરોહ’ કહે છે. ઉદા. સાં નિ ધ પ મ ગ રે સા

- ઉપલબ્ધ સાધનોની મદદથી આરોહ-અવરોહનો મહાવરો કરાવવો.

CG - ૨
C - ૨.૨
LO૦૩AE૫૨



### ચિત્ર જુઓ અને નિરીક્ષણ કરો.

ચિત્રમાં આપેલા હારમાં શો તફાવત દેખાય છે તે વિશે જૂથમાં ચર્ચા કરો.

#### સાત સ્વર

સંગીતમાં સાત સ્વર હોય છે. શું આ સ્વરોની રચના જુદી જુદી પદ્ધતિથી કરી શકાય? વિચાર કરો.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| સા | રે | ગ | મ | પ | ધ | નિ |

**શું તમે જાણો છો?**

- સાત સ્વરોના સમૂહને 'સપ્તક' કહેવામાં આવે છે.
- સપ્તકના મંદ્ર , મધ્ય અને તાર એમ કુલ ત્રણ પ્રકાર હોય છે.
- ઉપરનો સાં લીધા સિવાય સપ્તક પૂર્ણ થતું નથી.

| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| આરોહ- | સા | રે | ગ | મ | પ | ધ | નિ | સાં |

| | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
|---|---|---|---|---|---|---|---|---|
| અવરોહ- | સાં | નિ | ધ | પ | મ | ગ | રે | સા |

- આરોહ, અવરોહ અને અલંકારનો મહાવરો કરાવવો.

CG-૨
C-૨.૧
LO03AE૫૩/૫૬

**નીચેની ખાલી જગ્યાઓ ભરીને સ્વરનો ક્રમ પૂર્ણ કરો.**

| ૧ | ૧ | ૨ | ૨ | ૩ | ૩ | ૪ | ૪ | ૫ | ૫ | ૬ | ૬ | ૭ | ૭ | ૮ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | | રે | | ગ | | મ | | પ | | ધ | | નિ | | સાં | |

| ૮ | ૮ | ૭ | ૭ | ૬ | ૬ | ૫ | ૫ | ૪ | ૪ | ૩ | ૩ | ૨ | ૨ | ૧ | ૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાં | | નિ | | ધ | | પ | | મ | | ગ | | રે | | સા | |

**કરી જુઓ.**

**નીચેનો સ્વરક્રમ પૂર્ણ કરો અને ગાવાનો મહાવરો કરો.**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રે | રે | ગ | | | | | | | | | | |
| સાં | નિ | નિ | ધ | | | | | | | | | | |

**ધ્યાનમાં રાખો :** સ્વરોની ક્રમબદ્ધ અને આકર્ષક રચનાને અલંકાર કહેવાય છે.

## વાદ્યોની ઓળખ


હાર્મોનિયમ


તબલા


વાંસળી


પખવાજ


ગિટાર


ઢોલ


તુતારી


સંબળ

- તાળીઓની મદદથી સૂરતાલ સહિત અલંકારોનો મહાવરો કરાવવો.

CG-૨
C-૨.૨
LO૦૩AE૫૩

**ચિત્રોનું નિરીક્ષણ કરીને તેને વગાડવાની પદ્ધતિ મુજબ વર્ગીકરણ કરો.**

૧. હાથેથી વગાડવામાં આવતા વાદ્યો ..........................................................

૨. મોંથી ફૂંક મારીને વગાડવામાં આવતા વાદ્યો ..................................................

૩. તારની મદદથી વગાડવામાં આવતા વાદ્યો ....................................................

## મારી કૃતિ (મારું કાર્ય)

૧) નીચેના ખાનામાં ક્રમથી આવતા સ્વર લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સા | | ગ | મ | | ધ | |

૨) શાળાએ આવતી વખતે કયા-કયા નૈસર્ગિક અને માનવનિર્મિત અવાજો સંભળાય છે?

| નૈસર્ગિક અવાજ | માનવનિર્મિત અવાજ |
|---|---|
| ૧) .................................. | ૧) .................................. |
| ૨) .................................. | ૨) .................................. |
| ૩) .................................. | ૩) .................................. |


નૃત્ય

# ૧૩. નૃત્ય,મારો આનંદ

બાળકો, જ્યારે આપણને ખૂબ જ આનંદ થાય છે, ત્યારે આપણે ખુશીથી તાળીઓ પાડીએ છીએ, કૂદકા મારીએ છીએ અને ક્યારેક-ક્યારેક તો આનંદથી નાચીએ છીએ.

તમે કોઈ ગીત પર નૃત્ય કર્યું જ હશે. તો ચાલો, હવે આપણે સુંદર નૃત્ય શીખવાના છીએ. શરૂ કરીએ નૃત્યની આ આનંદદાયક સફર...

નૃત્ય એટલે ભાવ અને સંગીતના આધારે કરવામાં આવતું હાથ, પગ અને સંપૂર્ણ શરીરની લયબદ્ધ તેમજ સુંદર હલનચલન.

ચિત્રમાં આપેલી કૃતિઓનું નિરીક્ષણ કરીને, ચિત્રમાં દર્શાવ્યા મુજબ એક પછી એક કૃતિઓ કરી જોઈએ. આ તમામ કૃતિઓ દરેક વિદ્યાર્થીએ તાલ સાથે કરવાની છે.



૧. ઉપર-નીચે તાળીઓ પાડવી.

૨. તાળી પાડીને પગ આગળ મૂકવો.
તાળી પાડીને પગ પાછળ મૂકવો.





૩. જમણી અને ડાબી બાજુએ તાળીઓ પાડવી.

**ચાલો, નાચીએ!**

ઉપરના ચિત્રોમાં આપેલી કૃતિનો ઉપયોગ કરીને તમને ગમતા ગીત પર નૃત્ય રજૂ કરો. આ કૃતિઓની સાથે જ તમારી પસંદગી મુજબ કૂદકા તેમ જ અન્ય હલચલનનો પણ સમાવેશ કરો.

- આપેલા હલનચલનનું નિરીક્ષણ કરી, મનગમતા સંગીત પર પ્રત્યક્ષીકરણ કરવા માટે પ્રેરિત કરવા .મનગમતી પ્રવૃત્તિઓ સિવાય અન્ય સરળ હલનચલન પણ કરાવવું.
- દરેક વિદ્યાર્થી આ પ્રવૃત્તિમાં સહભાગી થાય એની ખાતરી કરવી.

CG – ૧
C – ૧.૧
LO 03AE૬૨

## ચાલો, જોઈએ! શીખીએ! નાચીએ!









ચિત્રમાં આપેલા દરેક હલનચલનનું બારીકાઈથી નિરીક્ષણ કરી દરેક નૃત્યનું હલનચલન ડાબી તેમજ જમણી બંને બાજુએ કરો.

ચાલો, હવે આ નૃત્યનો મહાવરો કરીએ.

• નૃત્યનો મહાવરો તેમજ પ્રસ્તુતિકરણ કરવા માટે પ્રોત્સાહન આપવું.

CG – ૧
C – ૧.૧
LO ૦૩AE૬૨

## સાથે મળીને નાચીએ.

સૌ સાથે મળીને નૃત્ય કરે ત્યારે વાતાવરણ ખૂબ જ આનંદદાયક અને ઉર્જાવાન બને છે. ચિત્રમાં આપેલી કૃતિઓનું નિરીક્ષણ કરી તે પ્રમાણે એક પછી એક કૃતિઓ કરો.

**મિત્રો સાથે ગોળ ફરો!**



**તાળી પાડો, સામેની વ્યક્તિને તાળી આપો.**



**ફુદરડી ફરો!**



**તાળી પાડો, ૨ ડગલાં આગળ જાઓ**
**તાળી પાડો, ૨ ડગલાં પાછળ આવો.**



**હલેસા મારવાની કૃતિ કરો.**



**એક જૂથ તાળી પાડે,**
**બીજું જૂથ પગ પછાડે.**



## ચાલો, નાચીએ!

હવે આપણે પૂરતો મહાવરો કરી લીધો છે. ઉપરના ચિત્રોમાં દર્શાવેલી કૃતિઓનો ઉપયોગ કરીને તમારા કોઈ મનપસંદ ગીત પર સુંદર નૃત્ય રજૂ કરો.

- આપેલા હલનચલનનું નિરીક્ષણ કરીને, મન તેમને ગમતા સંગીત ઉપર પ્રત્યક્ષ નૃત્ય કરવા માટે પ્રેરિત કરવા

CG – ૧
C – ૧.૨
LO 03AE૬૩

## ચાલો, કરી જોઈએ!



સૌ એક લાઈનમાં ઊભા રહો. દરેક જણ જમણી બાજુ ફરીને પોતાના બંને હાથ આગળ ઊભેલા મિત્રના ખભા પર રાખો સૌથી આગળ ઊભેલા મિત્રની જેમ ચાલો તેના હલનચલનનું અનુકરણ કરો.



| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
|---|---|---|---|---|---|
| આગળ | પાછળ | આગળ | પાછળ | આગળ | પાછળ |

હવે ૪થી ૬ વિદ્યાર્થીઓનું એક જૂથ તૈયાર કરો. જૂથના તમામ સભ્યો એક લાઈનમાં ઊભા રહો. ૧, ૩, ૫ ક્રમાંકના બાળકોએ પહેલાં (આગળ) કૂદકો મારવો અને પછી પાછળ જવું. ૨, ૪, ૬ ક્રમાંક ના બાળકોએ પહેલાં પાછળ જવું અને પછી આગળ કૂદકો મારવો. જુઓ, ફરીથી બધા એક જ લાઈનમાં આવી ગયા હશો! હવે આનો વારંવાર મહાવરો કરો. પૂરતી પ્રેક્ટિસ થઈ ગયા પછી તમારા મનપસંદ ગીત પર આ હાલચાલનો ઉપયોગ કરીને નૃત્ય રજૂ કરો.

- આપેલા હલનચલનનું નિરીક્ષણ કરીને મનગમતા સંગીત ઉપર પ્રત્યક્ષ પ્રેરિત કરવા.
- વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લઈને ૪ – ૪ કે ૬ –૬ વિદ્યાર્થીઓના જૂથ બનાવીને આ કૃતિ કરાવવી.

CG – ૧
C – ૧.૨
LO 03AE૬૩

### નૃત્યનું ચિત્ર ચોંટાડો !

વર્તમાનપત્ર અથવા માસિકમાં આવેલું સામૂહિક નૃત્યનું ચિત્ર અથવા શાળાના કાર્યક્રમમાં તમે કરેલા સામૂહિક નૃત્યનો ફોટો તમારી નોટબુકમાં ચોંટાડો.

**ધ્યાનમાં રાખો**

જ્યારે ઘણા બધા બાળકો અથવા કલાકારો ભેગા મળીને નૃત્ય કરે છે, ત્યારે તેને 'સામૂહિક નૃત્ય' કહેવામાં આવે છે.

### ચાલો, 'નેતા ઓળખો'ની રમત રમીએ.

ચાલો, હવે આપણે સૌ સાથે મળીને એક રમત રમીએ. એ માટે સૌએ ગોળ કુંડાળામાં બેસવું. એક વિદ્યાર્થીએ દાવ આપવો. તેને થોડીવાર માટે બાજુ પર મોકલીને, વર્તુળના બાકીના બધા બાળકોએ મળીને પોતાનામાંથી એક 'નેતા' નક્કી કરવો. નેતા જે પ્રમાણે કરશે, બાકીના બધા જ બાળકોએ નેતાએ ખૂબ જ ચાલાકીથી અને ખબર ન પડે તે રીતે પોતાનું હલનચલન બદલતા રહેવું. જે બાળકની ઉપર દાવ છે, તેણે જૂથના નેતાને ઓળખી બતાવવાનો છે. જો તે નેતાને ઓળખી કાઢશે, તો હવે પછીનો દાવ તે નેતા બનેલા બાળક પર આવશે. આ રીતે રમત આગળ ચાલુ રાખવી.



## મારી કૃતિ

અત્યાર સુધી શીખેલા તમામ હાલચાલનો તમારી કલ્પનાશક્તિ મુજબ એકસાથે ઉપયોગ કરીને, તમારા મનપસંદ ગીત પર એક સરસ નૃત્ય તૈયાર કરીને રજૂ કરો.

- વર્તમાનપત્ર અથવા માસિકોનું નિરીક્ષણ કહેવું અને તેમાં આપેલા સામૂહિક નૃત્યના ચિત્રો ઓળખીને તે ફોટો નોટબુકમાં ચોંટાડવા કહેવું.
- 'નેતા ઓળખો' રમત વર્ગમાં રમાડવી.
- શીખેલા તમામ નૃત્યના હલનચલનનો સંયુક્ત રીતે ઉપયોગ કરીને તેનું પ્રસ્તુતિકરણ કરવા પ્રેરિત કરવા.

CG – ૧
C – ૧.૨
LO 03AE૬૩

# ૧૪. નૃત્યમય જીવન

રોજિંદા જીવનમાં આપણે આપણા હાથનો ઉપયોગ વિવિધ કામો કરવા માટે જુદી જુદી રીતે કરતા હોઈએ છીએ. હથેળી અને આંગળીઓનો ઉપયોગ સુંદર નૃત્યાત્મક હલનચલન માટે પણ કરવામાં આવે છે. ચાલો, હાથની આવી નૃત્યાત્મક હાલચાલ વિશે માહિતી મેળવીએ.

**ચાલો, આપણા હાથની આંગળીઓ વિશે જાણીએ.**




## ચાલો, કલ્પના કરીએ!

તમારા હાથની હથેળી જુદી-જુદી રીતે રાખીને જુઓ. જેમ કે, હથેળી આકાશ તરફ હોય, હથેળી નીચેની તરફ હોય. આ રીતે હાથની આંગળીઓ અને હાથ દ્વારા કયું કયું હલનચલન કરી શકાય, તેના પર વર્ગમાં ચર્ચા કરો.

આપણી હથેળી અને આંગળીઓનો વિવિધ રીતે ઉપયોગ કરીને જુદા-જુદા પ્રાણીઓ અથવા પક્ષીઓ દર્શાવવાનો પ્રયત્ન કરો. (જેમ કે મોર, પોપટ, હરણ, સિંહ અને માછલી વગેરે.)

## હસ્તમુદ્રાઓનો ઉપયોગ સમજીએ!

નૃત્યમાં હાથનો ઉપયોગ કરીને જુદી જુદી ક્રિયાઓ અથવા વસ્તુઓ દર્શાવવામાં આવે છે, તેને હસ્તમુદ્રા કહેવામાં આવે છે.

આગળ આપેલી હસ્તમુદ્રાઓનું નિરીક્ષણ કરો. દૈનિક જીવનમાં આ હસ્તમુદ્રાઓનો બીજી કઈ રીતે ઉપયોગ કરી શકાય, તે વિશે વર્ગમાં ચર્ચા કરીને લખો.

- આપેલી હસ્તમુદ્રાઓનું નિરીક્ષણ કરવા કહેવું, પ્રત્યક્ષ કરવા કહેવું અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને તે જ હસ્તમુદ્રાઓનો ઉપયોગ દૈનિક જીવનમાં કેવી રીતે થાય છે, તે વિશે પર ચર્ચા કરવા કહેવું.

CG – ૨
C – ૨.૧
LO 03AE૭૪

૧. પતાક હસ્ત





..............................
..............................
..............................
..............................

૨. હંસાસ્ય હસ્ત





..............................
..............................
..............................
..............................
..............................

૩. મુષ્ટિ હસ્ત





..............................
..............................
..............................
..............................
..............................

- આપેલી હસ્તમુદ્રાઓનું નિરીક્ષણ કરવા કહેવું, તે પ્રત્યક્ષ કરવા કહેવું અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને તે જ હસ્તાનો ઉપયોગ દૈનિક જીવનમાં કેવી રીતે થાય છે, તે પૂછવું.

CG – ૨
C – ૨.૧
LO 03AE૬૪

નિસર્ગના વિવિધ ઘટકોનું હલનચલન જોઈએ તો તે હલનચલનનું સુંદર નૃત્યની હિલચાલમાં રૂપાંતર કરી શકાય છે. જેમ કે પવનમાં ઝાડનું ઝૂલવું, નદીનું વહેવું, માછલીનું તરવું વગેરે. નિસર્ગના વિવિધ ઘટકો અને તેમના હલનચલનનું નિરીક્ષણ કરો.



વરસાદ



નદી



તરતી માછલી



ફૂલ



ઉડતું પક્ષી



ડોલતું વૃક્ષ

ઉપર આપેલા ચિત્રોમાં નૈસર્ગિક ઘટકો જુઓ! આ ઘટકોના હલનચલનની કલ્પના કરો. આ હલનચલન નૃત્ય માટે કેવી રીતે વપરાય તેની કલ્પના કરીને તે હલનચલન લયબદ્ધ રીતે કરી જુઓ.

- નિસર્ગના વિવિધ ઘટકોનું નિરીક્ષણ કરવા કહેવું અને તે મુજબ હલનચલનનું અનુકરણ કરવા કહેવું.

CG - ૪
C - ૪.૧
LO 03 AE૭૦

## ચિઠ્ઠીમાં શું લખ્યું છે?

હવે આપણે એક સરસ રમત રમીએ. એ માટે આપણે કેટલાક વિદ્યાર્થીઓનું જૂથ બનાવીએ. હવે જૂથમાં જેટલા મિત્રો છે, તેટલી નૈસર્ગિક વિવિધ ઘટકોના હલનચલન લખેલી ચિઠ્ઠીઓ તૈયાર કરો. એક વ્યક્તિ ગોળ કુંડાળામાં બધી ચિઠ્ઠીઓ મૂકે. પછી જૂથના દરેક સભ્યએ એક-એક ચિઠ્ઠી ઉપાડવી.

તમે ઉપાડેલી ચિઠ્ઠીમાં જે નૈસર્ગિક ઘટક હોય, તે ઘટકના હલનચલન મુજબ તમારી કલ્પના પ્રમાણે નૃત્યમય હલનચલન કરીને બતાવો.

### નાચું, ડોલું હું કુદરત સંગે!

સરસ! અત્યાર સુધી આપણે વિવિધ નૈસર્ગિક ઘટકોનું સુંદર હલનચલન કરીને જોઈ. આપણે તેનો પૂરતો મહાવરો પણ કર્યો છે.

ચાલો, હવે આપણે પ્રકૃતિગીત પર આધારિત નૃત્ય કરીએ.

અહીં આપેલું પ્રકૃતિ ગીત વાંચો. આપેલા નૃત્યનો જૂથમાં મહાવરો કરીને વર્ગમાં તેનું પ્રસ્તુતિકરણ કરો.



- નૈસર્ગિક ઘટકોના સંબંધિત હલનચલનની ચિઠ્ઠીઓ તૈયાર કરીને સૂચના મુજબ રમત રમાડવી.

CG-૪
C-૪.૧
LO 03AE૭0

દડબડ દડબડ નદીઓ કેવી
ડુંગર પરથી દોડે !
વાંસ વાંસ ઊંચા મોજાંથી
દરિયો કેવો ડોલે !
ચમક ચમક ચમકે વીજળીઓ,
વાદળ કેવાં ગરજે !
ચાંદો સૂરજ નભના તારા
ઝળહળ કેવા ઝળકે !
સર સર વહેતા વાયુ સંગે વૃક્ષો
ડાળ હિલોળે !
સાંજ સવારે સંધ્યા ઉષા રંગ
ગુલાબી ઢોળે !
પોપટ મોર બપૈયા કેવા સૂર
મીઠેરા કુંજે !
ટહુકા કરતી કોયલ પેલી
આંબાડાળે ઝૂલે !
આવાં સુંદર દ્રશ્યો મારી નાની
આંખડી ઝીલે !
મમ્મી ! કેવું સુંદર અચરજ આ
તો, હૈયું મારું ખીલે !



## મારી કૃતિ

તમને ગમતું પ્રકૃતિ ગીત અથવા બાળગીત પસંદ કરો. પસંદ કરેલા ગીત પર જૂથમાં તમારી કલ્પનાશક્તિ પ્રમાણે નૃત્યનું પ્રસ્તુતિકરણ કરો.

- શિક્ષકોએ વર્ગમાં પ્રત્યક્ષીકરણ નૃત્ય કરી બતાવવું. વિદ્યાર્થીઓના નૃત્યાત્મક હલનચલનનું નિરીક્ષણ, મહાવરો અને પ્રસ્તુતિકરણ માટે પ્રોત્સાહન આપવું.

CG – ૪
C – ૪.૧
LO 03AE૭૦

# ૧૫. નૃત્યના સાથીદારો



આપણે નૃત્ય કરતી વખતે સંગીતનો ઉપયોગ કરીએ છીએ. સંગીતમાં ગીતની સાથે લય અને તાલનો પણ સમાવેશ થાય છે. નૃત્ય માટે સંગીતની સાથે લય અને તાલ ખૂબ જ મહત્વના હોય છે.

ચાલો, આપણે લય અને તાલ વિશે જાણીએ.

આપણા રોજિંદા જીવનમાં તેમજ પ્રકૃતિમાં લય હોય છે. ઘડિયાળમાં ત્રણ કાંટા હોય છે – કલાક કાંટો, મિનિટ કાંટો અને સેકન્ડ કાંટો. કલાક કાંટો ધીમી ગતિએ, મિનિટ કાંટો મધ્યમ ગતિએ અને સેકન્ડ કાંટો ઝડપી ગતિએ ફરે છે. આ ગતિ એટલે જ લય. બે ધબકારા વચ્ચેનું સમાન અંતર એટલે લય. લય એટલે વેગ અથવા ગતિ. લયના ત્રણ પ્રકાર છે

**લય**

૧. વિલંબિત લય – ધીમી ગતિ
૨. મધ્ય લય – મધ્યમ ગતિ
૩. દ્રુત લય – જલદ ગતિ



વિલંબિત લય – ધીમી ગતિ



મધ્ય લય – મધ્યમ ગતિ



દ્રુત લય – જલદ ગતિ

- જુદા જુદા ઉદાહરણો દ્વારા લયની સંકલ્પના સમજાવવી.
- લયની કૃતિ એકલા અથવા જૂથમાં કરી શકાય છે.

CG – ૨
C – ૨.૨
LO 03AE૬૫

## લયની ગમ્મત

ચાલો, આ ત્રણ લય સાથે સંબંધિત કૃતિ કરીએ..

### ૧. વિલંબિત લય – ધીમી ગતિ

૧ થી ૪ અંક ક્રમ પ્રમાણે બોલો. ફક્ત ૧ અંક બોલતી વખતે તાળી પાડો.

૧.  ૨.  ૩.  ૪.



X  X  X

### ૨. મધ્ય લય – મધ્યમ ગતિ

૧ થી ૪ અંક ક્રમ પ્રમાણે બોલો. હવે ૧ અને ૩ અંક બોલતી વખતે તાળી પાડો.

૧.  ૨.  ૩.  ૪.



X



X

### ૩. દ્રુત લય – ઝડપી ગતિ

૧ થી ૪ અંક ક્રમ પ્રમાણે બોલો. ૧, ૨, ૩ અને ૪ દરેક અંક બોલતી વખતે તાળી પાડો.

૧.  ૨.  ૩.  ૪.






ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે અલગ-અલગ લયમાં તાળીઓ પાડો.

હવે આ ત્રણેય ગતિમાંથી કોઈ એક ગતિ પસંદ કરીને તે મુજબ હાથનું નૃત્યાત્મક સરળ હલનચલન કરો. ત્યાર પછી ગતિ બદલીને એ જ હલનચલન જુદા જુદા લયમાં કરી જુઓ. જેમ કે પાંખની જેમ હાથ હલાવવા, ચપટી વગાડવી.

- વિદ્યાર્થીઓને ઉપરોક્ત કૃતિઓનું નિરીક્ષણ અને અનુકરણ કરી મહાવરો કરવા પ્રેરિત કરવા.

CG – ૨
C – ૨.૨
LO 03AE૬૫

**તાલ**

તાલ એટલે ગીત અથવા વાદનને આપેલા ચોક્કસ સમયમર્યાદા. તાલ ઠેકા દ્વારા માપવામાં આવે છે. દા.ત. કેહેરવા તાલ - માત્રા ૮; બોલ -ધા ગે ના તી ના ક ધી ન

### લય અને તાલની ગમ્મત !

તાલ કેહેરવા વિલંબિત, મધ્ય અને દ્રુત આ ત્રણેય લયનો ઉપયોગ કરીને બોલી જુઓ. તાલના દરેક અક્ષર બોલતી વખતે બંને હાથેથી તાળી પાડો અથવા એક પગ જમીન પર પછાડી પગેથી ઠેકો આપો.

### તાલ કેહેરવા કૃતિ

હવે આ કેહેરવા તાલ આપણે જૂથમાં લયબદ્ધ રીતે બોલીશું. આ માટે બોલના આઠ અક્ષરો માટે આઠ મિત્રોનું એક જૂથ બનાવો. દરેકને ક્રમશઃ એક અક્ષર વહેંચી દો.

તાલના બોલ પ્રમાણે પોતપોતાનો અક્ષર નક્કી કરેલી ગતિમાં બોલો. આ કરતી વખતે બધાએ નક્કી કરેલી ગતિમાં તાલના બોલ બોલવાનો મહાવરો કરવો.

ચાલો, કેહેરવા તાલ બીજી પદ્ધતિથી બોલીને જોઈએ.




- વિવિધ લયમાં કેહેરવા તાલ બોલવાનો મહાવરો કરાવી લેવો.
- તાલના અક્ષરો ઉચ્ચારવા અને તાળી પાડવી કે પગ પછાડવો, આ ક્રિયાઓ એકસાથે થાય છે કે? તેનું નિરીક્ષણ કરવું. તેમજ દરેક બોલ એક પછી એક, એક જ લયમાં બોલાય છે કે નહીં તેના પર ધ્યાન આપવું.

CG – ૨
C – ૨.૨
LO 03AE૬૫

## વાદ્યો

નૃત્ય માટે ઉપયોગમાં લેવાતાં વિવિધ વાદ્યોની ઓળખ મેળવીએ!

આપેલા વાદ્યોના ચિત્રો જુઓ. તેમનો અવાજ સાંભળો અને તે કયા નૃત્ય માટે વપરાય છે તે વિશે જૂથમાં ચર્ચા કરો.



તબલા



ઘુંઘરુ



લેઝીમ



ડફલી



મૃદંગ



મંજીરાં (ટાળ)



ઢોલકી



હાર્મોનિયમ

- વાદ્યોના ચિત્રો જોઈને તેમના અવાજ અને નૃત્યમાં તેના ઉપયોગ વિશે વર્ગમાં ચર્ચા કરવી.
- વિવિધ નૃત્ય પ્રકારો વિશે માહિતી આપીને તેમાં કયા વાદ્યો વપરાય છે તે જણાવવું.

CG – ૩
C – ૩.૧
LO 03AE૧૧

## પરિસરના વાદ્યો

તમારી આસપાસના પરિસરમાં જોયેલાં વાદ્યોનાં નામની યાદી તૈયાર કરો.

........................ ........................

........................ ........................

........................ ........................

## ચાલો, ચિત્ર દોરીએ!

તમને ખબર હોય તેવા વાદ્યોના આકાર ઓળખીને ચિત્ર દોરો.

**ચિત્રમાં વાદ્યો શોધો અને તેને તેના યોગ્ય નામ સાથે લીટી દોરીને જોડો.**

| | | |
|---|---|---|
| તબલા | | વાંસળી |
| મૃદંગ | | મંજીરાં (ટાળ) |
| ઢોલ |  | ઝાંઝ (પખાવજ) |
| ઢોલકી | | હાર્મોનિયમ |
| તાશા(નગારું) | | ઘુંઘરુ |

**યાદ રાખો :**

નૃત્ય કરતી વખતે આપણે હલનચલન, હાવભાવ અને તાલનો ઉપયોગ કરીએ છીએ. તેનાથી આપણી સર્જનશીલતા અને આત્મવિશ્વાસ વધે છે.

- વાદ્યોના આકાર સમજીને સહેલી રીતે ચિત્રો દોરવા કહેવું.
- ચિત્રમાંના વાદ્યો ઓળખી નામ અને ચિત્રોના જોડકાં જોડવા કહેવું.

CG – ૩
C – ૩.૧
LO 03AE૬૬

## વેશભૂષા

આપણે સૌ વિવિધ પ્રકારની વેશભૂષા કરીએ છીએ. મહારાષ્ટ્રના સ્ત્રી અને પુરુષો વિવિધ પ્રકારના પરંપરાગત પોશાક પહેરીને તહેવારો અને ઉત્સવોમાં નૃત્ય કરે છે.

ચિત્રમાં આપેલી વેશભૂષા જોઈને નૃત્યનો પ્રકાર ઓળખો. બેથી ત્રણ તેનું વાક્યોમાં વર્ણન લખો.





**નૃત્યનું નામ-** ....................  **નૃત્યનું નામ-** ....................

## મારી કૃતિ

૧) પરિસરના સ્થાનિક નૃત્ય પ્રકારનું નિરીક્ષણ કરીને તેના માટે જરૂરી વેશભૂષા, સાહિત્ય અને વાદ્યોની યાદી તૈયાર કરો.

| નૃત્ય પ્રકાર | વેશભૂષા | સાહિત્ય | વાદ્ય |
|---|---|---|---|
| .................... | .................... | .................... | .................... |
| .................... | .................... | .................... | .................... |
| .................... | .................... | .................... | .................... |
| .................... | .................... | .................... | .................... |

- આસપાસના પરિસરમાં જોવા મળતા વાદ્યો વિશે ચર્ચા કરવી અને જોયેલા વાદ્યોનાં નામોની યાદી તૈયાર કરવા કહેવું.
- સ્થાનિક નૃત્ય પ્રકાર જોઈને તેની વેશભૂષાનું નિરીક્ષણ કરવા કહેવું અને તે માટે જરૂરી સાહિત્ય તથા વાદ્યોની યાદી તૈયાર કરવા કહેવું.

CG – ૩
C – ૩.૧
LO 03AE૬૭/૬૮

# ૧૬. કલા સંસ્કૃતિ

આપણા પરિસરના સ્થાનિક તહેવારો-ઉત્સવો અને પરંપરાઓમાં આપણી કલા-સંસ્કૃતિ દેખાઈ આવે છે.

આપણે વિવિધ તહેવારો, પ્રસંગો અને ઉત્સવો ઉજવીએ છીએ. તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈએ છીએ. નીચે કેટલાંક તહેવારો અને ઉત્સવોના ચિત્રો આપેલા છે. તે જુઓ અને તેમાંથી તમે કયા તહેવાર અને ઉત્સવ ઉજવો છો તે તમારા મિત્રોને કહો.

આ જ રીતે તમારા પરિસરમાં ઉજવાતા અન્ય તહેવારો અને ઉત્સવોનું વર્ણન તમારા જૂથમાં અથવા વર્ગમાં કરો.

**પરિસરમાં ઉજવાતાં તહેવારો અને ઉત્સવો**














- પરિસરમાં ઉજવાતા તહેવારો અને ઉત્સવોના નિરીક્ષણ સહલ માર્ગદર્શન આપવું.
- જૂથમાં તહેવારોનું વર્ણન કરવા પ્રોત્સાહન આપવું.
- વર્ગમાં દરેકને તક આપવી.

CG - ૪
C- ૨
Lo- ૦૩AE૨૪

આપણી કલા-સંસ્કૃતિનો આસપાસના પર્યાવરણ સાથે સંબંધ હોય છે. દરેક ભૌગોલિક રચના અનુસાર તહેવારો અને ઉત્સવો અને પરંપરામાં થોડો ફેરફાર થતો રહે છે. જેમ કે 'બૈલપોળા' કેટલાક ભાગોમાં 'બેંદૂર', તો કેટલાક ભાગોમાં 'શ્રાવણ પોળા', તો કેટલાક ભાગોમાં 'ભાદ્રપદ પોળા' નામે ઓળખાય છે.

નીચેના પ્રશ્નો વિશે તમારા વર્ગના મિત્રો અને શિક્ષક સાથે ચર્ચા કરો.

- તમારા પરિસરમાં કયા કયા તહેવારો અને ઉત્સવો ઉજવાય છે?
- આ તહેવારો-ઉત્સવોની કઈ પરંપરા તમને ગમે છે?
- તમારા સગા-સંબંધીઓના ગામમાં આ તહેવારો કોઈ જુદી રીતે ઉજવવામાં આવે છે ખરા?

## તહેવારો અને ઉત્સવોના ગીતો અને નૃત્યો

આપણા રાજ્યમાં ખૂબ જ સુંદર રીતે તહેવારો અને ઉત્સવો ઉજવવામાં આવે છે. ઉત્સવમાં લોકો એકઠાં થાય છે, ગીતો ગાય છે, નૃત્ય કરે છે અને આનંદથી તહેવાર ઉજવે છે. તહેવારોના કારણે આપણને આનંદ મળે છે, તહેવારો અને ઉત્સવોથી આપણી એકતા અને આપણી સંસ્કૃતિની ઓળખ થાય છે. તહેવારોમાં સામૂહિક રીતે ગીતો ગાઈને નૃત્ય કરવામાં આવે છે.



ગણેશોત્સવ



નાગપંચમી



હોળી



ગ્રામોત્સવ/જાત્રા

આ સિવાય તમારા પરિસરમાં કયા કયા પ્રસંગોએ પરંપરાગત ગીતો ગાઈને નૃત્ય કરવામાં આવે છે તેની યાદી તૈયાર કરો.

- પરિસરમાં ઉજવાતા તહેવારો અને ઉત્સવો અને સમારંભ વિશે ચર્ચા કરવા કહેવું.
- પરિસરમાં કયા તહેવારમાં ગીતો ગાઈને નૃત્ય કરવામાં આવે છે, તે વિશે ચર્ચા કરવા કહેવું.

CG -
C-
Lo- ०3AE૬૧/૭૧

## સ્થાનિક કલાપ્રકાર અને કલાકાર

જેમ ભૌગોલિક પ્રદેશ અનુસાર તહેવાર અને ઉત્સવ ઉજવવાની પદ્ધતિમાં ફેરફાર થાય છે, તે જ પ્રમાણે દરેક ભૌગોલિક પ્રદેશ અનુસાર કલાના પ્રકારો પણ બદલાતા જાય છે.

નીચે કેટલાંક કલાપ્રકારો અને કલાકારોના ચિત્રો આપેલાં છે. તમારા વિસ્તારમાં તેમાંથી કયા કલાપ્રકાર રજૂ કરવામાં આવે છે, તે ✓ વડે દર્શાવો.



ચિત્રકલા - ચિત્રકાર ☐



વાદન - વાદક ☐



પોવાડા - શાહીર ☐



ભારૂડ - ભારૂડકાર ☐

- વિવિધ કલાપ્રકારો અને સંબંધિત કલાકારો વિશે માહિતી આપવી.
- પરિસરના અન્ય કલાકારો અને સંબંધિત કલાકારો વિશે ચર્ચા કરવા કહેવું.

CG -૪
C- ૪.૧,૦૪.૨
Lo- 03AE
૪૨/૬૦/૬૧

આ સિવાય તમારા પરિસરમાં જોવા મળતા કલાપ્રકારો અને સંબંધિત કલાકારોની યાદી તૈયાર કરો.

| કલાપ્રકાર | કલાકાર |
|---|---|
| ................................ | ................................ |
| ................................ | ................................ |
| ................................ | ................................ |
| ................................ | ................................ |
| ................................ | ................................ |

## સ્થાનિક કલાકાર સાથે સંવાદ

આપણા પરિસરમાં અનેક સ્થાનિક કલાપ્રકારો જોવા મળે છે. દા.ત. નૃત્ય, સંગીત, ચિત્રકલા, શિલ્પકલા. આ કલા રજૂ કરનાર વ્યક્તિને 'કલાકાર' કહેવામાં આવે છે. કલાકારો પોતાની કલા દ્વારા લોકોનું મનોરંજન કરે છે અને સંસ્કૃતિનું જતન કરે છે. તમારા પરિસના કલાકારની પ્રસ્તુતિ ધ્યાનપૂર્વક જુઓ. તે કલાકાર સાથે સંવાદ સાધવા માટે નીચે આપેલા પ્રશ્નોની મદદ લો. તમારી પસંદગી અનુસાર તમે વધારાના પ્રશ્નો પણ પૂછી શકો છો.

૧) તમારું નામ શું છે?
૨) તમારા ઘરમાં કોણ કોણ છે?
૩) તમે આ કલા કેવી રીતે શીખ્યા?
૪) આ કલા તમને કોણે શીખવી?
૫) તમે આ કલા કેટલા વર્ષોથી રજૂ કરી રહ્યા છો?
૬) તમારા ઘરમાં આ કલા બીજું કોઈ શીખ્યું છે ખરું?
૭) આ કલા રજૂ કરવા માટે ક્યા કયા સાહિત્યની જરૂર પડે છે?
૮) આ કલા રજૂ કરવા માટે તમને કોની-કોની મદદની જરૂર પડે છે?
૯) આ કલાક્ષેત્રમાં તમે કોને આદર્શ માનો છો?
૧૦) અમને આ કલા શીખવાની તક કેવી રીતે મળશે?

કલાકારો સાથે પ્રશ્નાવલીના માધ્યમથી કરેલો સંવાદ પ્રશ્નોત્તરીના સ્વરૂપમાં લખો અને તમારા શિક્ષકને બતાવો.

- પરિસરના કલાપ્રકારો અને કલાકારોની યાદી તૈયાર કરવા કહેવું.
- સ્થાનિક કલાકારના કાર્યક્ષેત્રની મુલાકાતનું આયોજન કરવું અથવા કલાકારને તેની કલા રજૂ કરવા માટે શાળામાં આમંત્રિત કરવા. મુલાકાત માટે જરૂરી પ્રશ્નો તૈયાર કરાવવા.

CG - ૪
C- ૪.૧,૪.૨
Lo - 03AE
૨૫/૪૨/૬૦

## મારી કૃતિ

૧) તમારા પરિસરમાં ઉજવાતા તમને ગમતા તહેવારો અને ઉત્સવોના ચિત્રો ચોંટાડીને ટૂંકમાં માહિતી લખો.

૨) તમારા પરિસરના કોઈ કલાકાર સાથે સંવાદ સાધીને તેમના વિશે માહિતી એકઠી કરી લખો.

૩) તમારા પરિસરના તહેવારો, ઉત્સવો અને સમારંભો વખતે ગવાતા કોઈપણ બે પરંપરાગત ગીતોનું સંકલન કરી સૂરતાલ સહિત રજૂ કરો.

૪) તમારા પરિસરના કોઈપણ એક કલાપ્રકાર વિશે માહિતી સંકલિત કરીને પ્રકલ્પ તૈયાર કરો.

૫) તમારા પરિસરના સ્થાનિક નૃત્ય વિશે સચિત્ર માહિતી એકઠી કરી તે નૃત્યના સરળ હલનચલનનું પ્રસ્તુતિકરણ કરો.

## विशेष नोंदी

# राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।

**પ્રિય બાળમિત્રો,**

**કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...**

**૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો**

**૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.**

**૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.**

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુઃખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**




**બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાત્કાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.**

નવા સમાજ તરફ
Towards a new dawn

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે .

कलाशिक्षण इयत्ता तिसरी ( गुजराती माध्यम )

₹ 68.00



कलाशिक्षण इयत्ता तिसरी ( गुजराती माध्यम )